

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 17
Issue : 274
Dt.: 14-06-2025,
Saturday
Page : 04
Rs.00.50 paisa
EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

ઈરાન પાસે હજી સમય છેઃ ડોનાલ્ડ ટ્રમ્પ

## પરમાણુ ડીલ કરી લો નહીંતર ભયાનક હુમલો થશેઃ ટ્રમ્પની ઈરાનને ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ફરી શરુ થયેલા યુદ્ધ મામલે ઈરાનને પરમાણુ ડીલ કરવા સલાહ આપી છે. તેમણે આ સમાધાન કરવામાં નહીં આવે તો તેના અત્યંત માઠા પરિણામો ભોગવવાની ચીમકી પણ ઈરાનને આપી છે. ઈઝરાયલના ભીષણ ડ્રોન હુમલામાં ઈરાનને મોટું નુકસાન થયું છે. ઈરાનની સેનાના ટોચના અધિકારીઓ અને પરમાણુ વિજ્ઞાનીઓ માર્યા ગયા છે. સામે ઈરાને પણ વળતો પ્રહાર કરતાં ઈઝરાયલની એર ડિફેન્સ સિસ્ટમને ટાર્ગેટ બનાવી ૧૦૦ ડ્રોન વડે હુમલા કર્યા હતા. યુદ્ધની શરુઆત સાથે જ ટ્રમ્પે ઈરાનને સલાહ અને ચેતવણી બંને આપી છે. ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર જણાવ્યું હતું કે, મેં ઈરાનને સમાધાન કરવાની અનેક તકો આપી હતી. મેં તેને આ યુદ્ધ આટલે જ અટકાવી દેવા અનેક વખત, આકરા શબ્દોમાં કહ્યું હતું, તેને સલાહ આપી હતી કે, તે પરમાણુ કરાર મુદ્દે સમાધાન કરે. નહીં તો તમે જે જાણો છો, અપેક્ષા છે, તેના કરતાં પણ વધુ માઠા પરિણામો ભોગવવા પડશે. મોટાપાયે જાનહાનિ થશે. હજી પણ સમય છે, આ માનવસંહાર થતાં રોકી લો. નહીં તો



આગામી હુમલાઓ આના કરતાં પણ વધુ ભયાવહ હશે અને તે તબાહી મચાવશે. ઈરાન પાસે હજી પણ તક છે તેનો ન્યુક્લિઅર પ્રોગ્રામ અટકાવી દે અને ઈરાનના સામ્રાજ્યને નષ્ટ થતું બચાવી લે. ટ્રમ્પે આગળ કહ્યું કે,

### હજી પણ સમય છે, આ માનવસંહાર થતાં રોકી લો નહીં તો આગામી હુમલાઓ આના કરતાં પણ વધુ ભયાવહ હશે અને તે તબાહી મચાવશે : ડોનાલ્ડ ટ્રમ્પ

અમેરિકા દુનિયામાં અત્યારસુધી સૌથી શ્રેષ્ઠ અને સૌથી ઘાતક ડિફેન્સ હથિયારો બનાવે છે. ઈઝરાયલ પાસે તેનો વિશાળ પ્રમાણમાં ભંડાર છે. આગામી સમયમાં ઈઝરાયલ તેનો ઉપયોગ કરી શકે છે. ન્યૂક્લિઅર ડીલ મુદ્દે ઈરાનના ટોચના નેતાઓ બહાદુરીપૂર્વક વાતો કરતા હતા, પરંતુ તેમને ખબર ન હતી, આગળ શું બનશે. તે તમામ માર્યા ગયા અને આગળ સ્થિતિ વધુ ભયાવહ બનશે. મોટાપ્રમાણમાં માનવસંહાર અને વિનાશ થઈ ચૂક્યો છે. ઈરાન આ વિનાશને હજી પણ અટકાવી શકે છે.

ટ્રમ્પનું આ નિવેદન ઈરાનના સુપ્રીમો આયતુલ્લા અલી ખામેનેઈની ભીષણ હુમલાની ચીમકી બાદ આવ્યું છે. ખામેનેઈએ ઈઝરાયલના હુમલાની નિંદા કરતાં ધમકી આપી હતી કે, ઈઝરાયલે હવે આ હુમલાના માઠા પરિણામ ભોગવવા પડશે. ઈઝરાયલે ઈરાન વિરુદ્ધ લોહિયાળ જંગ શરુ કરી છે. હવે ઈઝરાયલે તેના ઘાતક પરિણામો ભોગવવા તૈયાર રહેવું પડશે. ઈઝરાયલના હુમલામાં અમારા અનેક કમાન્ડર અને પરમાણુ વિજ્ઞાની માર્યા ગયા છે. ઈશ્વર તેમના આત્માને શાંતિ અર્પે. હું ઈચ્છું છું કે, તેમના ઉત્તરાધિકારી અને સહકર્મી કોઈપણ વિલંબ વિના જવાબી કાર્યવાહી શરુ કરે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ જણાવ્યા અનુસાર, ઈરાનની ન્યૂક્લિયર પ્રોગ્રામ માટેની તૈયારીઓને ધ્યાનમાં લેતાં ઈઝરાયલે સૈન્ય ગતિવિધિઓમાં વધારો કર્યો છે. ઈરાનના આ પરમાણુ હુમલાથી વિશ્વમાં ગંભીર અસરો થવાની ભીતિ પણ સર્જાઈ છે. ઈઝરાયલે ગઈકાલે રાત્રે ઈરાનના વિવિધ સ્થળો પર હુમલા કર્યા હતાં. જેમાં ઈરાનના આર્મી ચીફ મોહમ્મદ બઘેરી અને કમાન્ડર ઈન ચીફ હુસૈન સલામી માર્યા ગયા હોવાનો દાવો ઈઝરાયલે કર્યો હતો.

એરલાઈન કંપનીઓએ લીધો મોટો નિર્ણય

## ઘણી એરલાઈન્સે તેમના ભાડામાં વધારો કરવાનો પ્રસ્તાવ આપ્યો

### અમદાવાદમાં એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયા બાદ વિમાન કંપનીઓના ઈન્શ્યોરન્સનું પ્રીમિયમ વધી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયા બાદ હવાઈ યાત્રીઓને વધુ એક ઝટકો લાગવાનો છે. ઘણી એરલાઈન્સે તેમના ભાડામાં વધારો કરવાનો પ્રસ્તાવ આપ્યો છે. ઈન્શ્યોરન્સ બ્રોકર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ નરેન્દ્ર ભરિંડવાલનું કહેવું છે કે, એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયા બાદ વિમાન કંપનીઓના ઈન્શ્યોરન્સનું પ્રીમિયમ વધી શકે છે, જેની સીધી અસર હવાઈ ભાડા પર પડી શકે છે. ભરિંડવાલનું કહેવું છે કે, બોઈંગ વિમાનોનો ઉપયોગ કરનારી એરલાઈન્સ એર ઈન્ડિયા, આકાશા એર અને સ્પાઈસજેટને આગામી તબક્કામાં ઈન્શ્યોરન્સનું પ્રીમિયમ વધારવું પડી શકે છે. તેનાથી ભાડામાં પણ વધારો થઈ શકે છે. કારણ કે વિમાન કંપનીઓ પોતાના પર આવનારા ભારને નિશ્ચિત રૂપથી ગ્રાહકો પર જ નાખશે. જેથી એવો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે, હવાઈ ભાડામાં પણ વધારો થઈ શકે છે.

કેટલા રૂપિયા વધશે વીમા પ્રીમિયમ?- ઉડ્ડયન ક્ષેત્રના નિષ્ણાતો કહે છે કે, એર ઈન્ડિયાની પાસે બોઈંગ ૭૮૭ તબક્કાના ૩૪ વિમાન છે અને ૨૦ અન્ય વિમાનોનો ઓર્ડર પણ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત સ્પાઈસજેટની પાસે ૭૩૭ મેક્સ 8S પણ છે. આ વિમાનોનું પ્રીમિયમ ૨.૮ કરોડ ડોલરથી વધીને ૫ કરોડ ડોલર સુધી જઈ શકે છે. જો કે, પ્રીમિયમમાં આવનારો આ બમણો ઉછાળો ભાડામાં પણ વધારો કરી શકે છે.

કેટલું વધી શકે છે ભાડુ?- એર ઈન્ડિયા સહિત ડ્રીમલાઈનર બોઈંગના વિમાનોનો ઉપયોગ કરનારી અન્ય કંપનીઓ પણ તેમના ભાડામાં ૨થી ૫ ટકા સુધી વધારો કરી શકે છે. એર ઈન્ડિયાના મોટાભાગના વિમાનો ભાડા પર છે, જેનાથી તેમનો ઓપરેટિંગ કોસ્ટ પણ વધી શકે છે અને આ જ કારણ છે કે, આવનારા સમયમાં કંપનીઓ તેમના ભાડામાં પણ ૫ ટકા સુધી વધારો કરી શકે છે. એક દુર્ઘટનાએ વધારી દીધું જોખમ- એવિએશન ઈન્ડસ્ટ્રીમાં ઈન્શ્યોરન્સનું પ્રીમિયમ જોખમના અંદાજ અને એરક્રાફ્ટના પ્રકાર પર નિર્ભર કરે છે. આ ઉપરાંત પ્રીમિયમનો ખર્ચ સેફ્ડી ફીચર અને દુર્ઘટનાના ઈતિહાસ પર પણ નિર્ભર કરે છે. એર ઈન્ડિયાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ આ એરક્રાફ્ટને લઈને જોખમ પણ વધી ગયું છે. પ્રુડન્ટ ઈન્શ્યોરન્સ બ્રોકરના નિષ્ણાત હિતેશ ગિરોત્રા કહે છે કે આ અકસ્માત પછી બોઈંગ વિમાનોની સમસ્યાઓ વધી ગઈ છે.

એર ઈંડિયાની કેટલીય ફ્લાઈટો પાછી આવી

## ઈરાની એરસ્પેસ બંધઃ અમેરિકા-ઈંગ્લેન્ડ જનારા મુશ્કેલીમાં મૂકાયા

### એર ઈંડિયાએ યાત્રીઓની સુરક્ષાને લઈ ફ્લાઈટના રુટ બદલવા અથવા તેને પાછી બોલાવાનો નિર્ણય લીધો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈઝરાયલ-ઈરાન જંગના કારણે ઈરાની હવાઈ ક્ષેત્ર અચાનક બંધ થવાના કારણે એર ઈંડિયાને પોતાની ૧૬ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટને કાં તો ડાયવર્ટ કરવી પડી છે અથવા તો રદ કરવી પડી છે. અમુક ફ્લાઈટને રસ્તામાંથી જ મૂળ સ્થાન પર પાછી બોલાવી લેવામાં આવી છે. ઈરાની એરસ્પેસ બંધ થવાથી ભારતથી પશ્ચિમી એશિયા અને યુરોપ તરફથી કેટલીય ફ્લાઈટની અવરજવર પર અસર પડી છે. એર ઈંડિયાએ યાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખતા આ ફ્લાઈટના રુટ બદલવા અથવા તેને પાછી બોલાવાનો નિર્ણય લીધો છે. એર ઈંડિયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર નિવેદન જાહેર કરીને કહ્યું કે, અમે યાત્રીઓને થયેલી અસુવિધા માટે ખેદ વ્યક્ત કરીએ છીએ અને આ અપ્રત્યાશિત સ્થિતિમાં ન્યૂનતમ અસર સુનિશ્ચિત કરવા માટે દરેક શક્ય પ્રયાસ કરી રહ્યા છીએ. એરલાઈને પ્રભાવિત યાત્રીઓને સંપૂર્ણ રિફંડ અથવા મફત રી શિડ્યૂલિંગનો વિકલ્પ પણ આપ્યો છે. આ ઉપરાંત વૈકલ્પિક ફ્લાઈટની વ્યવસ્થા કરી યાત્રીઓને તેમના ગંતવ્ય સુધી પહોંચાડવામાં આવી રહ્યા છે.

અહીં નીચેલી આપેલી ફ્લાઈટ બીજી જગ્યાએ ડાયવર્ટ કરી છે

AI130 લંડન-હીથ્રોથી મુંબઈ-વિયના

AI102 ન્યૂયોર્કથી દિલ્હી-શારજાહ

AI116 ન્યૂયોર્કથી મુંબઈ-જેદ્દા

AI2018 લંડનથી દિલ્હી- મુંબઈ

AI188 વૈંકૂવરથી દિલ્હી-જેદ્દા

AI101 દિલ્હીથી ન્યૂયોર્ક-ફ્રેંકફર્ટ/મિલાન

AI126 શિકાગોથી દિલ્હી-જેદ્દા

AI132 લંડનથી બેંગલુરુ-શારજાહ

AI2016 લંડનથી દિલ્હી-વિયના

AI104 વોશિંગટનથી દિલ્હી-વિયના

AI190 ટોરંન્ટોથી દિલ્હી-ફ્રેંકફર્ટ

પાછી આવેલી ફ્લાઈટ

AI129 (મુંબઈ-લંડન)

AI119 (મુંબઈ-ન્યૂયોર્ક)

AI103 (દિલ્હી-વોશિંગટન)

AI106 (ન્યૂયોર્ક-દિલ્હી)

AI189 (દિલ્હી-ટોરંટો)

એર ઈંડિયાનું વિમાન દુર્ઘટના થયા બાદ હવાઈ યાત્રીઓને વધુ એક ઝટકો લાગી શકે છે. કેટલીય એરલાઈંસે ભાડામાં વધારાનો પ્રસ્તાવ આપ્યો છે.

ઈંશ્યોરન્સ બ્રોકર્સ એસોસિએશન ઓફ ઈંડિયાના અધ્યક્ષ નરેન્દ્ર ભરિંડવાલે આશંકા વ્યક્ત કરી કે, દુર્ઘટના બાદ વિમાનન કંપનીના વીમા પ્રીમિયમમાં વધારો શક્ય છે, જેની સીધી અસર હવાઈ ભાડા પર પડશે.

## ઈઝરાયલના ઈરાન પર હુમલાને લઈ અનેક દેશોએ બંધ કર્યા એરસ્પેસ

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

ઈઝરાયલના હુમલામાં ઈરાનને મોટું નુકસાન થયું છે. ઈરાનના આર્મી ચીફ મહોમ્મદ ઘાવેરીનું મૃત્યુ થયું છે. વળી, એલિટ ફોર્સ કહેવાતા ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડના લીડર હુસૈન સલામીનું પણ મૃત્યુ થયું છે. એટલું જ નહીં આ હુમલામાં ઈરાનના ટોચના નેતા અયાતુલ્લાહ અલી ખામેનેઈના નજીકના સલાહકાર પણ ઈજાગ્રસ્ત થયા છે. ઈરાનના સરકારી ટેલિવિઝને પોતાના રિપોર્ટમાં આ વાતની પુષ્ટિ કરી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ટોચના નેતાના સલાહકાર અલી શમખાની પણ આજના યહૂદી એટેકમાં ઈજાગ્રસ્ત થયા હતા. આ દરમિયાન ઈઝરાયલ અને ઈરાન વચ્ચે શરુ થયેલી આ લડાઈ મહાયુદ્ધમાં પરિણમે તેવી આશંકા છે. એકબાજુ ઈઝરાયલના જવાબમાં ઈરાને ૧૦૦ ડ્રોન્સથી વળતો જવાબ આપવાનો પ્રયાસ કર્યો હતો. વળી, ઈઝરાયલનું કહેવું છે કે, હજુ તો આ શરુઆત છે. આ દરમિયાન મિડલ ઈસ્ટના દેશોએ પોતાના એરસ્પેસને બંધ કરી દીધા છે, જેના કારણે કોઈ યાત્રી વિમાન ઈરાન અને ઈઝરાયલના હુમલાનો શિકાર ન બને.

ગ્લોબલ માર્કેટમાં સોનું ૫૦ ડોલર ચડ્યું હતું

## સોનાએ લગાવી ઐતિહાસિક છલાંગ, ફરી એક લાખ પાર પહોંચ્યો ભાવ

### ઈઝરાયલે ઈરાન પર ભીષણ હુમલા કર્યા જેની અસર સોના ચાંદીના ભાવ પર હવે જોવા મળી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન-ઈઝરાયેલ વચ્ચે તણાવના પગલે કોમોડિટી બજારમાં જબરદસ્ત તેજી જોવા મળી રહી છે. ખાસ કરીને બુલિયનમાં. સોના અને ચાંદીમાં આજે જોરદાર ખરીદી જોવા મળી. જેનાથી સોનાનો ભાવ ફરીથી એક લાખ ઉપર પહોંચી ગયો છે. ગ્લોબલ માર્કેટમાં સોનું ૫૦ ડોલર ચડ્યું હતુ. તે કોમેક્સ પર ૩૪૪૦ ડોલર પર જોવા મળ્યું.

આ ઓલ ટાઈમ હાઈની નજીક હતું. આ એક મહિનાના હાઈ પર ચાલી રહ્યું છે. સોનું એક અઠવાડિયામાં ૩ ટકાથી વધુ મોંઘુ થયું છે. આજે ઘરેલુ વાયદા બજારમાં પણ તે લગભગ ૨,૦૦૦ રૂપિયાના વધારા સાથે હતું. પહેલીવાર ૧ લાખ ૩ હજાર રૂપિયાના રેકોર્ડ હાઈ પર પહોંચ્યું છે.

MCX (મલ્ટી કોમોડિટી એક્સચેન્જ) પર સવારે ૧૦.૧૫ વાગ્યાની આસપાસ ઓગસ્ટ કોન્ટ્રાક્ટવાળું સોનું ૧૭૭૦ રૂપિયાની તેજી સાથે ૧,૦૦,૧૬૨ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના ભાવ પર ટ્રેડ કરી રહ્યું હતું. ઈન્ટ્રાડેમાં ૧,૦૦,૪૦૩ રૂપિયાના હાઈ પર ગયું હતું. કાલે તે ૯૮,૩૯૨ રૂપિયા પર ક્લોઝ થયું હતું. ચાંદી આ દરમિયાન ૫૫૭ રૂપિયાની તેજી સાથે ૧,૦૬,૪૪૨ રૂપિયાના વધારા સાથે જોવા મળી. ઈન્ટ્રાડેમાં તે ૧,૦૬,૭૯૯ રૂપિયા પ્રતિ કિલોગ્રામ હાઈ પર પહોંચી ગઈ. કાલે તેનું ક્લોઝિંગ ૧,૦૫,૮૮૫ રૂપિયા પર થયું હતું.

ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના રેટ્સ જોઈએ તો ૯૯૯ શુદ્ધતાવાળા ૧૦ ગ્રામ સોનાના ભાવમાં આજે ૧,૭૧૫ રૂપિયાની તેજી જોવા મળી અને ભાવ ૯૯,૧૭૦ રૂપિયા પર પહોંચી ગયો. જે કાલે ૯૭,૪૫૫ રૂપિયા પર ક્લોઝ થયો હતો. જ્યારે ચાંદીમાં ૭૪૨ રૂપિયાનો વધારો જોવા મળ્યો છે અને ભાવ આજે ૧,૦૬,૨૪૦ રૂપિયાની સપાટીએ છે જે કાલે ૧,૦૫,૪૯૮ રૂપિયા પર ક્લોઝ થયો હતો.

કેરળમાં કોઈ વધારો નહીં

## લોકસભાની બેઠકો ઉત્તર પ્રદેશમાં વધીને ૧૪૩ થશે

### ૨૦૨૯માં લોકસભાની કુલ બેઠકો ૮૪૮, તમિલનાડુની બેઠકો વધીને ૪૯ થઈ શકે : ૩૩ ટકા મહિલા અનામત પણ લાગુ કરાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારની કેબિનેટે ગયા મહિને જાતિ આધારિત વસતી ગણતરીને મંજૂરી આપી દીધી છે અને સરકારે આ મહિને જાહેરાત કરી હતી કે, વર્ષ ૨૦૨૬થી બે તબક્કામાં માર્ચ ૨૦૨૭ સુધીમાં વસતી ગણતરી કરાશે.

આવા સમયે ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલાં દેશમાં કેવી સ્થિતિ હશે તે અંગે એક રિપોર્ટ જાહેર થયો છે. આ રિપોર્ટ મુજબ ૨૦૨૯માં એકલા ઉત્તર પ્રદેશમાં લોકસભાની બેઠકો વર્તમાન ૮૦થી વધીને ૧૪૩ થઈ જશે જ્યારે દક્ષિણના રાજ્ય કેરળમાં લોકસભાની એક પણ બેઠક નહીં વધે.

સરકારી સૂત્રો જણાવ્યું કે, કેન્દ્ર સરકાર ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલા લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાની યોજના પર કામ કરી રહી છે. આ અનામત નવા સીમાંકનના આધારે લાગુ કરાશે. તેમણે ઉમેર્યું કે, આ યોજના અગાઉથી નિશ્ચિત સમય મર્યાદા કરતાં ઘણા સમય પહેલા લાગુ થઈ શકે છે. સરકારે તાજેતરમાં જ દાવો કર્યો હતો કે વસતી ગણતરી બે તબક્કામાં ૧ માર્ચ, ૨૦૨૭ પહેલાં પૂરી કરી લેવાશે. આ વસતી ગણતરીમાં આઝાદી પછી પહેલી વખત જ્ઞાતિ આધારિત આંકડાઓનો પણ સમાવેશ કરાશે, જે આગળ જઈને સીમાંકનનો પાયો બનશે. અત્યાર સુધી મનાતું હતું કે, સીમાંકનની પ્રક્રિયા અને મહિલાઓ માટે અનામત ૨૦૩૪ની લોકસભા ચૂંટણી સુધીમાં લાગુ થશે, પરંતુ હવે ૨૦૨૯ની સમય મર્યાદા અંગે કેન્દ્ર સરકાર ઘણી આક્રમકરૂપે યોજના બનાવી રહી છે. સીમાંકન પંચ માટે સૌથી મોટો પડકાર દક્ષિણના રાજ્યો હશે. દક્ષિણના રાજ્યોની માગ છે કે ૧૯૭૦-૮૦ના દાયકામાં તેમણે જનસંખ્યા નિયંત્રણમાં રાખવાની બાબતને પ્રાથમિક્તા આપી હતી. કેન્દ્ર સરકારે આ રાજ્યોને આશ્વાસન આપ્યું છે કે તેમની ચિંતાઓનું ધ્યાન રખાશે. ગૃહમંત્રી અમિત શાહે ફેબ્રુઆરીમાં કોયમ્બતૂરમાં કહ્યું હતું કે, સીમાંકનના કારણે દક્ષિણ ભારતની કોઈપણ બેઠક આંચકી નહીં લેવામાં આવે. ૨૦૧૯માં કાર્નેગી એન્ડાવમેન્ટના અભ્યાસ મુજબ ૨૦૨૬ની અંદાજિત વસતીને આધાર માનવામાં આવે તો લોકસભાની બેઠકો વધીને ૮૪૮ થઈ શકે છે, જેમાં એકલા ઉત્તર પ્રદેશની જ ૧૪૩ બેઠકો હશે, જ્યાં હાલમાં તેની બેઠકો ૮૦ છે. બીજીબાજુ તમિલનાડુની બેઠકો ૩૯થી વધીને ૪૯ થઈ શકે છે જ્યારે કેરળની ૨૦ બેઠકોમાં કોઈ વધારો થશે નહીં.

બીજીબાજુ તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને કેન્દ્ર સરકારના આશય પર સવાલ ઉઠાવ્યો અને કહ્યું કે, સીમાંકન સુધી વસતી ગણતરી ટાળવી અને પછી સીમાંકન કરાવવું એ તમિલનાડુની સંસદીય ભાગીદારી ઘટાડવાનીયોજનાનો ભાગ છે. તેમણે માગ કરી કે ૧૯૭૧ની વસતી ગણતરીના આધારે સીમાંકનનું માળખુ ૨૦૨૬ પછી પણ ઓછામાં ઓછા ૩૦ વર્ષ સુધી લાગુ રહેવું જોઈએ.



## તંત્રી લેખ......

### અતિ ન્યાયિક સક્રિયતા

બીઆર ગવઈ જ્યારથી સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ બન્યા છે, ત્યારથી તેઓ સતત એવાં નિવેદન આપી રહ્યા છે, જે બંધારણની મહત્તાની સાથે સરકારી તંત્ર અને ન્યાયિક તંત્રમાં સુધારની જરૂરિયાતને રેખાંકિત કરે છે. જરૂરી માત્ર એ નથી કે વિધાયિકા અને કાર્યપાલિકા પોતાના દાયિત્વોનું વહન યોગ્ય રીતે કરે અને જનઆકાંક્ષાઓને સમજે. જરૂરી એ પણ છે કે ન્યાયપાલિકા પણ દેશના લોકોની અપેક્ષાઓ પર ખરી ઉતરે. એની જરૂરિયાત એટલા માટે, છે, કારણ કે ન્યાયિક સક્રિયતા કેટલીય વાર ન્યાયિક અતિમાં બદલાતી દેખાય છે. કેટલાંક વર્ષ પહેલાં ખેતી અને ખેડૂતોની ભલાઈ માટે લાવવામાં આવેલ ત્રણ કૃષિ કાયદા વિરુદ્ધ દાખલ અરજીઓની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે આ કાયદાઓની સમીક્ષા કર્યા વિના તેના અમલ પર રોક લગાવી દીધી હતી. સંસદથી બનેલા કોઈ કાયદા પર રોક તો તેની બંધારણીયતાની પરખ કર્યા બાદ જ લાગવી જોઈએ. આ મામલે એવું ન થયું. તેનાથી કૃષિ કાયદા વિરોધીઓ વચ્ચે એ સંદેશ ગયો કે આ કાયદાઓમાં કોઈ ખોટ છે અને તેઓ સડકો પર ધરણાં-પ્રદર્શન કરતા રહ્યા. એને કારણે મોદી સરકાર ન ઈચ્છવા છતાં પણ આ કાયદા પાછા ખેંચવા મજબૂર થઈ. તેનાથી ખેડૂતો અને વિશેષ રૂપે નાના ખેડૂતોનું અહિત જ થયું. આ મામલે એક ખરાબ વાત એ પણ થઈ કે સુપ્રીમ કોર્ટે આ કાયદાઓના અધ્યયન માટે પોતાના તરફથી ખેડૂત નેતાઓ અને કૃષિ વિશેષજ્ઞોની જે સમિતિ રચી, તેના રિપોર્ટની નોંધ પણ ન લીધી!

વાસ્તવમાં એવા કેટલાય કેસ છે જ્યારે એ પ્રતીત થયું કે સુપ્રીમ કોર્ટે જનહિત અરજીઓની સુનાવણી કરતાં ન્યાયિક સક્રિયતાના નામે પોતાની સીમાઓ ઓળંગી. છેલ્લા કેટલાક સમયથી તો સંસદથી કોઈપણ વિધેયક પસાર થાય અને તે કાયદાનું રૂપ લે તેના વિરુદ્ધ અરજીઓ દાખલ થઈ જાય છે અને એના પર તરત જ સુનાવણી પણ ચાલુ થઈ જાય છે. વક્ફ સંશોધન કાયદા સાથે એવું જ થયું. નિશ્ચિત રૂપે સુપ્રીમ કોર્ટને સંસદ તરફથી બનાવવામાં આવેલ કોઈપણ કાયદાની બંધારણીયતા તપાસવાનો અધિકાર છે, પરંતુ એ આદર્શ સ્થિતિ નથી કે દરેક કાયદો લાગુ થતાં પહેલાં જ સુપ્રીમ કોર્ટમાં ઢસડી જવામાં આવે અને તેની તાત્કાલિક સુનાવણી પણ થવા લાગે. તેની અવગણના ન કરી શકાય કે સુપ્રીમ કોર્ટ સમક્ષ કેટલાય મહત્ત્વપૂર્ણ કેસો વર્ષોથી પડી રહ્યા છે. એ જ રીતે હાઈકોર્ટોમાં પણ પડતર કેસોના ઢગલા વધી રહ્યા છે. નીચલી અદાલતોની સ્થિતિ તો એનાથી ય બદતર છે. એક તથ્ય એ પણ છે કે કોલેજિયમ સિસ્ટમમાં સુધાર કરવાની કોઈ પહેલ નથી થઈ રહી. તેને કારણે ઉચ્ચતર ન્યાયપાલિકાના જજો જ જજોની નિયુક્તિ કરી રહ્યા છે. કોઈ અન્ય મોટા લોકતાંત્રિક દેશમાં એવું નથી થતું. આ વ્યવસ્થા બંધારણસંમત પણ નથી.

---

વેકેશન પડે તે પહેલાં કેટલીક જર્જરિત શાળાના શિફ્ટિંગની કામગીરી હતી

## સુરતમાં શિક્ષણ સમિતિના શિક્ષકોને શિક્ષણ સિવાયની અન્ય કામગીરીનું ભારણ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા સત્ર શરૂ થયું અને વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાના બદલે શિક્ષકોને ફરીથી ઈતર પ્રવૃત્તિ સાથે જોડી દેવામાં આવ્યા છે. શાળામાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાના બદલે પુસ્તકો લેવા જવું, પુસ્તકો સાથે સાથે બુટ મોજા અને ગણવેશ વિતરણ કરવા જેવી અનેક પ્રવૃત્તિનો ભાર આપી દેવામાં આવ્યો છે. જેના કારણે સત્ર શરૂ થયાના ચારેક દિવસ થયા છતાં વિદ્યાર્થીઓને શિક્ષકો અભ્યાસ કરાવી શકતા નથી. શિક્ષકોને પટાવાળા અને પટાવાળા કેટેગરીની કામગીરી કરવાની હોવાથી શિક્ષકોમાં નારાજગી જોવા મળી રહી છે. સુરત શિક્ષણ સમિતિની શાળામાં વેકેશન પડે તે પહેલાં કેટલીક જર્જરિત શાળાના શિફ્ટિંગની કામગીરી હતી. આ કામગીરી માટે પાલિકાએ બેલદારની ફાળવણી કરી ન હોવાથી આ કામગીરી પણ શિક્ષકોને માથે જ આવી ગઈ હતી. સુરતની ૨૦ જેટલી શાળા ભવનની સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી નબળી હોવાથી શાળાને અન્ય શાળામાં મર્જ કરી દેવાની સૂચના આપવામાં આવી હતી. જોકે, શાળા સ્વિફ્ટીંગની કામગીરી માટે વાહન અને બેલદાર પાલિકાએ ફાળવવાના હોય છે પરંતુ તે શક્ય ન હોવાથી શિક્ષકોએ જ ખાનગી મજુર બોલાવી શાળા શિફ્ટિંગ કામગીરી કરી હતી.

જોકે, સત્ર શરૂ થયા પછી પણ શિક્ષકોની બિન શૈક્ષણિક કામગીરી પૂરી થઈ નથી પરંતુ વધુ કામગીરીનું ભારણ આવી ગયું છે. શાળા સત્ર શરૂ થઈ ગયું છે પરંતુ પુસ્તકો મળ્યા ન હોવાથી હવે શિક્ષકોએ શાળામાંથી જ્યાં પુસ્તક વિતરણ માટેનું કેન્દ્ર હોય ત્યાં જવાનં હોય છે અને ત્યાંથી પુસ્તક શાળામાં લાવાવના રહે છે. આ પુસ્તકો આવ્યા બાદ વર્ગીકરણ કરીને તેનું વિતરણ પણ શિક્ષકોએ જ કરવાનું હોય છે. આમ શિક્ષકોને વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાના બદલે પટાવાળા અને ક્લાર્ક જેવી કામગીરી સોંપવામાં આવી છે અને શિક્ષકો કરી રહ્યાં છે. જેના કારણે સોમવારથી શાળા સત્ર શરૂ થયું છે ચારેક દિવસ થયા છતાં હજી શિક્ષકો તેમની ઓરીજનલ કામગીરી એટલે કે વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની કામગીરી શરૂ કરી શક્યા નથી.

---

એક સગીરને મુક્ત કરાવ્યો માલિકની અટકાયત

## વડોદરામાં ફેમસ જય જલારામ સેવઉસળની દુકાનમાં રેડ પડી

**ઉપરાંત દુકાનના માલિકની બાળમજુરી કરાવવા બદલ અટકાયત કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર આવેલા જય જલારામ સેવ ઉસળની દુકાનમાં એન્ટી હ્યુમન ટાફીકિંગ સ્કોડે રેડ કરીને બાળ મજૂરી કરતા એક બાળકને મુક્ત કર્યો હતો. ઉપરાંત દુકાનના માલિકની બાળમજુરી કરાવવા બદલ અટકાયત કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા નાસતાની દુકાન, હોટલ તથા રેસ્ટોરન્ટના સંચાલકો દ્વારા સગીર બાળકોને નોકરી પર રાખીને તેમની આર્થિક તથા શારીરિક શોષણ કરવામાં આવતુ હોય છે.

ત્યારે એએચટીયુની ટીમ આવા વેપારીઓ પર સપાટો બોલાવે છે. ત્યારે ૧૨ જુનના રોજ એએચટીયુની ટીમ વાઘોડિયા રોડ પર પર પેટ્રોલિંગમાં ફરી રહી હતી. ત્યારે બાતમી મળી હતી કે પરિવાર ચાર રસ્તા પાસે જશરાજ કોમ્પલેક્ષમાં જય જલારામ સેવઉસળની દુકાનના માલિક દ્વારા સગીર વયના બાળકને નોકરી પર રાખીને બાળ મજુરી કરાવવા સાથે તેમની શોષણ પણ કરવામાં આવે છે.

દરમિયાન એએચટીયુની ટીમ દ્વારા જય જલારામ સેવઉસળની દુકાનમાં રેડ કરી તપાસ કરી હતી. ત્યારે એક ૧૫ વર્ષીય સગીર બાળક કામ કરતા મળી આવ્યો હતો. જેથી બાળમજુરી કરાવનાર સંચાલક જયેશ દિપક મકવાણી (રહે.ધરતી ટેનામેન્ટ, વાઘોડિયા રોડ, વડોદરા)ને અટકાયત કરવામાં આવી હતી. ઉપરાંત બાળકને મુક્ત કરાવીને તેના પરિવારનને સુપ્રત કરાયો છે

---

૮૨૫ કેન્દ્ર પર ૨.૪૭ લાખથી વધુ ઉમેદવારો આપશે ટેસ્ટ

# ગુજરાતમાં LRD ભરતી માટે ૧૫ જૂને લેખિત પરીક્ષા

**ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષાને લઈને ખાસ વ્યવસ્થા**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં પોલીસ ભરતીને લઈને મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્યમાં પોલીસ સબ-ઈન્સ્પેક્ટર અને પોલીસ કોન્સ્ટેબલની ૧૨૪૭૨ જગ્યા પર ભરતી પ્રક્રિયા શરૂ છે. જેમાં બિન હથિયારી પોલીસ સબ ઈન્સપેક્ટર (PSI)ની ૪૭૨ જગ્યા માટે કુલ ૧,૦૨,૯૩૫ ઉમેદવારોએ ૧૩ એપ્રિલ, ૨૦૨૫ના રોજ લેખિત પરીક્ષા આપી હતી. જ્યારે હવે લોકરક્ષક કેડરની ૧૨ હજાર જગ્યા પરની ભરતી માટે આગામી ૧૫ જૂન ૨૦૨૫ના રોજ ૨.૪૭ લાખથી વધુ ઉમેદવારો લેખિત પરીક્ષા આપશે.

રાજ્યમાં લોકરક્ષક સંવર્ગની બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારી પો.કો., જેલ સિપાઈ, SRPF સહિતની ૧૨૦૦૦ જેટલી જગ્યા પર ભરતી પ્રક્રિયા શરૂ છે, ત્યારે પોલીસ વિભાગ દ્વારા ભરતીની શારીરિક કસોટી પૂર્ણ કર્યા બાદ લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષા ૧૫ જૂને યોજાવાની છે. જેમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, આણંદ અને ગાંધીનગર સહિત ૮૨૫ કેન્દ્ર-શાળા ખાતે પરીક્ષા યોજાશે.

પરીક્ષાને લઈને પોલીસ વિભાગ દ્વારા તૈયારીઓ કરી લેવામાં આવી છે. જેમાં પરીક્ષા કેન્દ્ર ખાતે ઝીણવટભરી હેઠળ દેખરેખ, ૮૦૦૦થી વધુ પોલીસ અધિકારીઓ તથા ૧૮૦૦૦ શિક્ષણ વિભાગના અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. આ પરીક્ષા ત્રણ કલાકની રહેશે, જેમાં સવારના ૯:૩૦ થી ૧૨:૩૦ દરમિયાન લેવાશે. પરીક્ષા પહેલા ઉમેદવારોનું બાયોમેટ્રીક/ફોટોગ્રાફ વેરિફિકેશન કરવાનું હોવાથી કોલલેટરમાં ઉમેદવારોને ૭:૩૦ વાગ્યે પરીક્ષા કેન્દ્ર ખાતે પહોંચવા જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત, શારીરિક કસોટી દરમિયાન લેવામાં આવેલી બાયોમેટ્રિક માહિતી લેખિત પરીક્ષા પહેલા ચકાસવામાં આવશે. આ પરીક્ષા IGP, DIGP અને SP કક્ષાના અધિકારીઓની સૂપરવિઝન હેઠળ યોજાશે. જેમાં ઉમેદવારો પર CCTV અને GPS ટેક્નોલોજી દ્વારા નિરીક્ષણ રાખવામાં આવશે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષાને લઈને ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. રાજ્યના કુલ ૭ મુખ્ય શહેરોમાં પરીક્ષા થવાની છે, ત્યારે ઉમેદવારોને સરળ પ્રવાસ સુવિધા પૂરી પાડવા માટે GSRTC દ્વારા ૧૪ અને ૧૫ જૂનના દિવસોમાં વિવિધ જિલ્લાઓમાંથી પરીક્ષા કેન્દ્રની નજીકના ડેપોમાં પહોંચવા માટે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે.

પરિવહન નિગમે દરેક ડેપો ખાતેથી અલગ ફાળવવામાં આવેલી બસ માટે ઓનલાઈન ટિકિટ બુકિંગની વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાવી છે. ઉમેદવારો http://gsrtc.in વેબસાઈટ પરથી એડ્વાન્સમાં ટિકિટ બુક કરી શકશે અથવા પોતાના નજીકના ડેપો ખાતે કાઉન્ટર બુકિંગ દ્વારા સર્વિસનો લાભ લઈ શકશે. વધુ માહિતી કે પ્રશ્નો માટે GSRTCનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૬૬૬૬૬૬, ૨૪૮૭ ઉપલબ્ધ રહેશે.

---

બે દીકરીઓ લંડનમાં એકલી પડી

# પત્નીના અસ્થિ વિસર્જન માટે અમરેલી આવેલા પતિનું પ્લેન ક્રેશમાં મોત થયું

**લંડનમાં રહેતા ૩૮ વર્ષીય અર્જુન પટોલિયાએ થોડા દિવસો પહેલા ભારતમાં પોતાની પત્નીના અંતિમ સંસ્કાર કર્યા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

આ અકસ્માત ફક્ત વિમાન દુર્ઘટના નથી, પરંતુ સેંકડો પરિવારોની વાર્તાઓનો અંત છે. અર્જુન પટોલિયા જેવા ઘણા મુસાફરો કોઈ ચોક્કસ કારણોસર તે ફ્લાઈટમાં હતા - કોઈને મળવા, કોઈ અધૂરું કામ પૂર્ણ કરવા અથવા ફક્ત ઘરે પાછા ફરવા માટે. પરંતુ ભાગ્યમાં કંઈક બીજું જ હતું.

લંડનમાં રહેતા ૩૮ વર્ષીય અર્જુન પટોલિયાએ થોડા દિવસો પહેલા ભારતમાં પોતાની પત્નીના અંતિમ સંસ્કાર કર્યા હતા. ગામની નદીમાં પોતાની પત્નીના અસ્થિ વિસર્જન કર્યા પછી, જ્યારે તેઓ લંડન પરત ફરવા માટે એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-171માં ચઢ્યા, ત્યારે કોણ જાણતું હતું કે આ યાત્રા તેમના જીવનનો સૌથી પીડાદાયક વળાંક બનશે. અહેવાલ મુજબ, અર્જુનની પત્ની ભારતીબેનનું એક અઠવાડિયા પહેલા અવસાન થયું હતું. તેમની છેલ્લી ઈચ્છા હતી કે તેમની અસ્થિ ગુજરાતના અમરેલી જિલ્લામાં સ્થિત તેમના પૈતૃક ગામમાં વિસર્જન કરવામાં આવે. અર્જુને આ ઈચ્છા પૂર્ણ આદર અને શ્રદ્ધાથી પૂરી કરી. તેઓ તેમની પત્નીના અસ્થિને ફૂલોથી શણગારેલા કળશમાં લઈને ગામમાં પહોંચ્યા અને પરિવારના સભ્યો સાથે ધાર્મિક વિધિઓ પૂર્ણ કરી.

આ ધાર્મિક વિધિઓ પછી, તેમણે લંડન પાછા ફરવાનું નક્કી કર્યું જેથી તેઓ તેમની ૪ અને ૮ વર્ષની બે દીકરીઓને મળી શકે, જેઓ ત્યાં તેમની રાહ જોઈ રહી હતી. પરંતુ ૧૨ જૂનના રોજ બપોરે અમદાવાદ એરપોર્ટથી ફ્લાઈટ ઉડાન ભરી કે તરત જ તે મેઘાણી નગર વિસ્તારમાં ક્રેશ થઈ ગઈ. આ વિમાનમાં કુલ ૨૪૨ લોકો સવાર હતા, જેમાં ૫૩ બ્રિટિશ નાગરિકોનો સમાવેશ થાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ટેકઓફ કર્યા પછી તરત જ વિમાનની ઊંચાઈ ઝડપથી ઓછી થવા લાગી અને લેન્ડિંગ ગિયર નીચે તરફ ખુલવા લાગ્યું. સીસીટીવી ફૂટેજમાં, વિમાન રહેણાંક વિસ્તારમાં પડતું જોવા મળ્યું, જેના કારણે ત્યાં ભારે વિનાશ થયો.

આ અકસ્માતને ભારતના સૌથી મોટા વિમાન અકસ્માતોમાંનો એક માનવામાં આવી રહ્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઘટનાસ્થળની મુલાકાત લીધી અને પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. તે જ સમયે, નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ કહ્યું કે એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB) એ આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન (ICAO) ની માર્ગદર્શિકા અનુસાર તપાસ શરૂ કરી દીધી છે.

---

રાજા રઘુવંશી હત્યાકાંડમાં મોટો ઘટસ્ફોટ

# સોનમને મૃત બતાવવા બીજી એક મહિલાની હત્યાનું પણ આયોજન હતું

**એક યોજના એવી હતી કે સોનમ નદીમાં તણાઈ ગઈ છે એમ કહી દેવું : આરોપીએ પોલીસ સમક્ષ કબુલાત કરી**

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈન્દોર

ઈન્દોરના ઉદ્યોગપતિ રાજા રઘુવંશીની હત્યામાં મેઘાલય પોલીસે એક ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. આ કેસની તપાસમાં સામે આવ્યું છે કે હત્યારાઓએ એક અજાણી મહિલાની હત્યા કરીને તેના શરીરને બાળી નાંખીને પછી એને રાજાની પત્ની સોનમ રઘુવંશીના શબ તરીકે ખપાવી દેવાની યોજના બનાવી હતી. રાજાની હત્યાના કેસમાં પાંચ જણની ધરપકડ કરાઈ છે, જેમાં રાજાની પત્ની સોનમ, સોનમના પ્રેમી રાજ કુશવાહા અને ત્રણ કોન્ટ્રાક્ટ કિલર આનંદ, આકાશ રાજપૂત અને વિશાલ ઉર્ફે વિકી ઠાકુરનો સમાવેશ થાય છે.

રાજા રઘુવંશીની હત્યાનું સમગ્ર કાવતરું તેમના લગ્નના અગાઉ ઈન્દોરમાં જ ઘડી કઢાયું હતું. આરોપીઓએ કબૂલ કર્યું છે કે, રાજાની હત્યાનું આયોજન લગ્નના ત્રણ મહિના પહેલા ફેબ્રુઆરીમાં શરૂ થયું હતું. રાજાની હત્યા સાથે સંબંધિત અન્ય ત્રણ યોજના પણ એમણે ઘડી હતી, પરંતુ એ અમલમાં નહોતી મૂકી શકાઈ.

આ ગુનેગારોની પૂછપરછ કરનારા મેઘાલય પોલીસના અધિકારીએ જણાવ્યું હતું કે, હત્યારાઓએ એકથી વધુ યોજના વિચારી રાખી હતી, જેમાંની એક યોજના એવી હતી કે સોનમ નદીમાં તણાઈ ગઈ છે એમ કહી દેવું. બીજી યોજના એવી હતી કે કોઈપણ મહિલાની હત્યા કરીને એનો મૃતદેહ સોનમના સ્કૂટર પર મૂકી દેવાનો અને પછી એને આગ ચાંપી દેવાની. જેથી એવો દાવો કરી શકાય કે સોનમ બળીને મરી ગઈ.

નવદંપતી ૧૯ મેના રોજ આસામ પહોંચ્યું એના થોડા દિવસો પહેલા રાજ કુશવાહાના સાથીઓ ગુવાહાટી પહોંચી ગયા હતા. તેમણે ગુવાહાટીમાં જ ક્યાંક રાજાને મારી નાખવાની યોજના બનાવી હતી. જો કે, એ યોજના સફળ ન થતાં તેઓ પહેલાં શિલોંગ ગયા હતા અને પછી સોહરા ગયા હતા, જ્યાં હત્યા કરાઈ હતી.

આ ચારેય હત્યારા રાજા અને સોનમને નોંગરિયાટમાં મળ્યા હતા. બાદમાં તે બધા સાથે વેઈસાવડોંગ ફોલ્સ તરફ રવાના થયા હતા. ત્યાં તક જોઈને રાજા પર છરી વડે હુમલો કરાયો. આ હત્યા સોનમની નજર સામે જ કરાઈ હતી. ત્યાર પછી રાજાની લાશને ખીણમાં ફેંકી દેવાઈ. આકાશના શર્ટ પર લોહીના ડાઘ પડેલા હોવાથી સોનમે પોતાનો રેઈનકોટ તેને પહેરવા આપ્યો હતો. રાજાની હત્યા કર્યા બાદ ચારેય જણ સ્કૂટર પર પરત ફર્યા હતા. રેઈનકોટ પર પણ લોહીના ડાઘ લાગી જતાં આકાશે રેઈનકોટ કાઢીને ફેંકી દીધો હતો.

શિલોંગથી ઈન્દોર જતી વખતે સોનમે રાજ દ્વારા અપાયેલો બુરખો પહેરી લીધો હતો. તે ઈન્દોર પહોંચી એ પછી રાજે સોનમનું અપહરણ થયાની યોજનાના ભાગરૂપે તેને ફરી સિલિગુડી આવવા કહ્યું હતું. જો કે, ૮ જૂને આકાશની ધરપકડ થતાં રાજ ગભરાઈ ગયો હતો. તેણે સોનમને કહ્યું કે તે પરિવારજનોને ફોન કરીને કહે કે તે અપહરણમાંથી બચી ગઈ છે. એ પછી ૯ જૂનના રોજ સોનમ ગાઝીપુરમાં દેખાઈ હતી અને ત્યાં તેની ધરપકડ કરાઈ હતી. ત્યાર બાદ બાકીના આરોપીઓને પણ પોલીસ દ્વારા ઝડપી લેવાયા હતા અને આ સમગ્ર હત્યાકાંડનો પર્દાફાશ થયો હતો.

---

અચાનક ઈંગ્લેન્ડ સીરિઝ છોડી ભારત પરત ફર્યા

# મુખ્ય કોચ ગૌતમ ગંભીરની માતાને આવ્યો હાર્ટ અટેક

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમ ઈંગ્લેન્ડમાં ૫ મેચની ટેસ્ટ સીરિઝ માટે તૈયારી કરી રહી છે. આ દરમિયાન એક ખરાબ સમાચાર આવ્યા છે. ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીર ભારત પરત ફરી રહ્યા છે. કેટલાક ટ્વિટમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે તેમની માતાની તબિયત બગડતા તેમને ICUમાં દાખલ કરવામાં આવ્યા છે. ગૌતમ ગંભીર ૭ જૂને ટીમ સાથે લંડન પહોંચ્યો હતો. ટીમ હાલમાં બેકેનહામમાં પ્રેક્ટિસ કરી રહી છે. આજથી અહીં એક ઈન્ટ્રા-સ્કવોડ પ્રેક્ટિસ મેચ રમવાની છે, પરંતુ તે પહેલાં તેણે ટીમ છોડીને ભારત પરત ફરવું પડ્યું હતું. જોકે, ૨૦ જૂનથી શરૂ થનારી ટેસ્ટ પહેલા તે ટીમ સાથે ઈંગ્લેન્ડમાં રહેશે. ગૌતમ ગંભીરની માતાનું નામ સીમા ગંભીર છે. તેમને હાર્ટ એટેક આવ્યો હતો. મળતી માહિતી મુજબ, તેઓ હાલમાં ICUમાં દાખલ છે, પરંતુ સારી વાત એ છે કે તેઓ ખતરાની બહાર છે. હવે પ્રાપ્ત માહિતી મુજબ, ગંભીર ૧૭ જૂને ઈંગ્લેન્ડ પરત ફરશે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પહેલી ટેસ્ટ ૨૦ જૂનથી લીડ્સના હેડિંગ્લી ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાશે. ગંભીરનો પરિવાર દિલ્હીમાં રહે છે, તેમના પિતાનું નામ દીપક ગંભીર છે. તેમનો ટેક્સટાઈલ્સનો વ્યવસાય છે. તેમની માતા સીમા ગંભીર ગૃહિણી છે. ગંભીરની એક નાની બહેન છે, જેનું નામ એકતા છે. ઓક્ટોબર ૨૦૨૧માં ગંભીરે નતાશા જૈન સાથે લગ્ન કર્યા. તેમને બે પુત્રીઓ છે જેમનું નામ Aazeen અને Anaiza છે.

ગૌતમ ગંભીર જાણે છે કે આ યુવા ખેલાડીઓને ઈંગ્લેન્ડમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે, પરંતુ તે એ પણ જાણે છે કે જ્યારે કોઈ ખેલાડી પોતાને મોટો બનાવે છે ત્યારે આ તકો છે. પ્રેક્ટિસ દરમિયાન યુવા ખેલાડીઓને પ્રેરણા આપતા તેમણે કહ્યું કે અલબત્ત અમે ૩ સૌથી અનુભવી ખેલાડીઓ (વિરાટ, રોહિત અને અશ્વિન) વિના રમી રહ્યા છીએ પરંતુ આ તમારા માટે દેશ માટે કંઈક ખાસ કરવાની તક છે. ભારતીય ક્રિકેટ ટીમે ૧૮ વર્ષથી ઈંગ્લેન્ડમાં કોઈ ટેસ્ટ શ્રેણી જીતી નથી. આ દરમિયાન એમએસ ધોની અને વિરાટ કોહલીની કેપ્ટનશીપ હેઠળ ટીમે ઈંગ્લેન્ડમાં ૨-૨ ટેસ્ટ શ્રેણી રમી જેમાંથી ૩ હારનો સામનો કરવો પડ્યો અને ૧ ડ્રો રહી હતી.

---

મારા પર એક ભાઈ જેટલો પ્રેમ હતો

# વિજયભાઈના નિધનથી અત્યંત દુખી છું : નીતિનભાઈ પટેલ

**વિજયભાઈના ખાસ મિત્ર અને રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પેટેલ તેમને શ્રદ્ધાંજલિ આપી અને દુખ વ્યક્ત કર્યું**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં ૨૪૧ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ પ્લેન દુર્ઘનટમાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીનું નિધન થયું છે. વિજયભાઈના ખાસ મિત્ર અને રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પેટેલ તેમને શ્રદ્ધાંજલિ આપી અને દુખ વ્યક્ત કર્યું છે. મીડિયા સાથે વાત કરતા નીતિનભાઈએ કહ્યું કે, વિજયભાઈના નિધનથી અત્યંત દુખી છે. નીતિનભાઈ પટેલે કહ્યું, વિશ્વના અકસ્માતોમાં મોટો અકસ્માત કહી શકાય તેવી આ ઘટના બની છે. ગઈકાલના અકસ્માતમાં ઘણા લોકોના મોત થયા છે. ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અમારા સાથી વિજયભાઈ રૂપાણીનું પણ દુઃખદ અવસાન થયુ છે. આખા દેશમાં આઘાતનું વાતાવરણ હતું. આ સમાચાર ફ્લેશ થયા, આખા ગુજરાતના લોકોમાં આઘાત છે.

નીતિનભાઈ પટેલે વધુમાં કહ્યું, વિજયભાઈએ ભાજપના કોર્પોરેટરથી રાજનીતિની શરૂઆત કરી હતી. પ્રદેશ સુધીની વિજયભાઈની રાજકીય સફર હતી. તેઓ મુખ્યમંત્રી બન્યા હતા ત્યારે મે પણ નાયબ મુખ્યમંત્રીની જવાબદારી નિભાવી . આજે પણ અમને અમારી કામગીરીથી લોકો યાદ કરે છે. કોરોના સમયે મે અને વિજયભાઈ રાતદિવસ કામગીરીઓ કરી હતી. કોરોના સમયે મુખ્યમંત્રીના નિવાસ સ્થાને કોર ગ્રુપની મીટીંગો થતી હતી. અધિકારી પાસેથી વિજયભાઈ રોજ રિવ્યુ લેતા હતા. અમે રાતોરાત અનેક હોસ્પિટલો શરૂ કરી હતી. સૌરાષ્ટ્રમાં પાણી પહોચાડવા માટે વિજયભાઈએ અનેક કામ કર્યા હતા. સૌની યોજનામાં નાણાં પણ મોટા પ્રમાણમાં ફાળવતા હતા. જીવદયાના પણ તેઓ ખૂબ ઉપાસક હતા. ચાઈનીઝ દોરી પર તેમણે પ્રતિબંધ મૂક્યો હતો. કોઈપણ દિવસ બિન જરુરી કામગીરીમાં તેઓ વિક્ષેપ ક્યારેય ન કરતા. આજે વિજયભાઈ અને તેમના કામો જેટલા યાદ કરો તેટલા ઓછા છે. નીતિનભાઈએ કહ્યું, તેમને મારા પર એક ભાઈ જેટલો પ્રેમ હતો, અમારા બન્નેની ઉંમરમાં દોઢ મહીનાનો ફેર છે. પક્ષે આપણને મુખ્યમંત્રી બનાવ્યા આજે પક્ષના આદેશથી હું રાજીનામુ આપું છું તેવું મને કહ્યું હતું. પંજાબના પ્રભારી તરીકે પેટા ચૂંટણીની કામગીરી આટોપી તેઓ નીકળ્યા હતા. દિવંગત વિજય રૂપાણીની અંતિમ વિધીનો નિર્ણય પુત્રના આવ્યા બાદ લેવાશે. પુત્ર ઋષભ અમેરિકાથી વતન પરત આવવા માટે રવાના થઈ ગયા છે. અંતિમ વિધી રાજકોટ કરવી કે ગાંધીનગર તે અંગે પુત્ર ઋષભ આવ્યા બાદ નિર્ણય કરાશે. વિજયભાઈના નિધનથી સમગ્ર ગુજરાતમાં શોકનો માહોલ છે.

---

મોતને થાપ આપનારા યુવકે વર્ણવી ઘટના

# હું જમીને કેન્ટિનમાંથી નીકળ્યો અને પ્લેન ક્રેશ થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનાએ કોટાના એક પરિવારના હૃદયના ધબકારા વધારી દીધા હતા. અકસ્માત સમયે કોટાનો એક યુવાન પણ ત્યાં હાજર હતો. એર ઈન્ડિયાનું આ વિમાન જે બિલ્ડિંગ પર પડ્યું હતું, ત્યાથી માત્ર ૨૦ મિનિટ પહેલા જ નીકળ્યો હતો આ યુવક. આ યુવક કોટોના દિગોડનો નિવાસી છે અને અમદાવાદ બીજે મેડિકલ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે. દુર્ઘટનાના થોડા સમય પહેલા મયંક આ જ બિલ્ડિંગની કેન્ટિનમાંથી ભોજન લઈ રહ્યો હતો કે જ્યાં થોડા સમય પછી વિમાન ક્રેશ થયું હતું. પરંતુ માત્ર ૨૦ મિનિટ પહેલા મયંક ત્યાંથી નીકળી જતા તેનો જીવ બચી ગયો હતો. મયંકે કહ્યું કે, હું ૧૨ જૂનના રોજ બપોરે ૧૨.૪૪ કલાકે મારા મિત્રો સાથે કેન્ટિનમાં જમવા માટે પહોચ્યો હતો. જમવાનું પતાવીને મારા મિત્રો સાથે ૧ વાગ્યે ત્યાંથી નીકળીને હોસ્ટેલ પર આવી ગયો હતો. જેવો હું હોસ્ટેલ પર આવ્યો કે, થોડી જ વારમાં જોરદાર અવાજ સાથે ધમાકો થયો હતો. મેં બહાર જઈને જોયું તો ચારેય બાજુ ધુમાડો જ ધુમાડો હતો અને અફરા-તફરી મચેલી હતી. પછીથી ખબર પડી કે, જે બિલ્ડિંગમાં હું થોડીવાર પહેલા જમીને આવ્યો ત્યાં એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થઈને પડ્યું છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

ગરવી ગુજરાત




એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: એમસીએક્સ પર સોનાનો વાયદો રૂ.૧ લાખને પાર: ચાંદીમાં રૂ.૨૪૩ની તેજી: ક્રૂડ તેલમાં રૂ.૫૧૨નો ઉછાળો

## મેન્થા તેલમાં નરમાઈનો માહોલ: નેચરલ ગેસમાં સુધારો: કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૭૯૨૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૨૦૩૩૪ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૯૧૦૩ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૧૦૫ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૪૮૨૬૪.૦૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૭૯૨૬.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૨૦૩૩૪.૪૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જૂન વાયદો ૨૩૧૦૫ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૪૧૬૭.૦૩ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૯૧૦૩.૭૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૫૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૦૪૦૩ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શી, નીચામાં રૂ.૯૯૪૯૩ના મથાળે અથડાઈ, રૂ.૯૮૩૯૨ના આગલા બંધ સામે રૂ.૧૪૪૫ના ઉછાળા સાથે રૂ.૯૯૮૩૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જૂન વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૦૮૭ ઊછળી રૂ.૭૯૬૬૯ થયો હતો. ગોલ્ડ-પેટલ જૂન વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૨૨ની તેજી સાથે રૂ.૯૯૭૦ થયો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૮૦ના ઉછાળા સાથે રૂ.૯૯૧૬૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૮૩૩૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૯૯૩૯ અને નીચામાં રૂ.૯૮૩૩૯ના મથાળે અથડાઈ, રૂ.૯૭૯૬૯ના આગલા બંધ સામે રૂ.૧૪૦૧ ઊછળી રૂ.૯૯૩૭૦ના ભાવે બોલાયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૧૦૬૪૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૬૯૪૦ અને નીચામાં રૂ.૧૦૫૭૧૦ના મથાળે અથડાઈ, રૂ.૧૦૫૮૮૫ના આગલા બંધ સામે રૂ.૨૪૩ની તેજી સાથે રૂ.૧૦૬૧૨૮ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૨૫૨ વધી રૂ.૧૦૫૮૭૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૨૫૨ વધી રૂ.૧૦૫૮૫૭ થયો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.૧૮૫૯.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જૂન વાયદો રૂ.૬.૮૫ ઘટી રૂ.૮૬૮ના સ્તરે પહોંચ્યો હતો. જસત જૂન વાયદો રૂ.૩.૬૫ ઘટી રૂ.૨૪૮.૪૫ થયો હતો. એલ્યુમિનિયમ જૂન વાયદો રૂ.૨.૪૫ ઘટી રૂ.૨૪૦.૧૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જૂન વાયદો ૩૫ પૈસા ઘટી રૂ.૧૭૯.૨૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૬૭૨૬.૫૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ જૂન વાયદો બેરલદીઠ રૂ.૬૦૭૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૬૪૬૫ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શી, નીચામાં રૂ.૬૦૭૭ના સ્તરને પહોંચી, રૂ.૫૮૪૪ના આગલા બંધ સામે રૂ.૫૧૨ના ઉછાળા સાથે રૂ.૬૩૫૬ના ભાવે બોલાયો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૫૧૨ ઊછળી રૂ.૬૩૫૫ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ જૂન વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૬.૨ વધી રૂ.૩૦૫.૩ થયો હતો. નેચરલ ગેસ-મિની જૂન વાયદો રૂ.૬ વધી રૂ.૩૦૫.૨ થયો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જૂન વાયદો કિલોદીઠ રૂ.૯૩૨.૯ના ભાવે ખૂલી, રૂ.૧૦.૪ ઘટી રૂ.૯૨૧.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૩૮૨૧.૦૭ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૫૨૮૨.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૯૬૮.૩૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૨૧૬.૪૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૫૯.૨૨ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૬૧૫.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૫૨૭૯.૩૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૪૪૭.૧૯ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૪.૦૯ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૭૯૯૧ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૧૨૧૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૨૨૫૨ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૨૭૫૯૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૮૫૩૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૨૯૨૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૮૨૨૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૮૪૦૨૫ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૯૫૬૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૭૦૪૫ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જૂન વાયદો ૨૩૦૯૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૩૪૮૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૩૦૮૭ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૯૨ પોઈન્ટ વધી ૨૩૧૦૫ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૬૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૮૦.૪ વધી રૂ.૧૯૬.૨ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૩૫ વધી રૂ.૧૦.૧૫ થયો હતો. સોનું જૂન રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૬૫ વધી રૂ.૧૫૬૮.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જૂન રૂ.૧૦૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૦.૫ વધી રૂ.૨૦૩૭.૫ થયો હતો. તાંબું જૂન રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૫૭ ઘટી રૂ.૫.૨૫ના ભાવે બોલાયો હતો. જસત જૂન રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૯૮ ઘટી રૂ.૨.૫૩ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૯.૮ ઘટી રૂ.૨૧.૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૬૫ ઘટી રૂ.૯.૮ના ભાવે બોલાયો હતો.

સોનું જૂન રૂ.૯૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૩ ઘટી રૂ.૮૦૯ થયો હતો. આ સામે ચાંદી જૂન રૂ.૧૦૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૦૪ ઘટી રૂ.૧૮૬૦ના ભાવે બોલાયો હતો. તાંબું જૂન રૂ.૮૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૦૬ વધી રૂ.૧૧ થયો હતો. જસત જૂન રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૯ વધી રૂ.૩.૫ના ભાવે બોલાયો હતો.

# સ્વ.વિજય રૂપાણીના અંતિમ સંસ્કાર આજે રાજકોટમાં થશે: મોડી રાત્રે દિકરો અમેરીકા થી આવ્યા બાદ અંતિમ સંસ્કાર થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં ગુરૂવારે સર્જાયેલી વિમાન દુર્ઘટનામાં રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત ૨૬૦ થી વધુ લોકોના મોત થયા છે, રાજકોટમાં આજે શનિવારે વિજય રૂપાણીની અંતિમવિધી થશે, તેમનો પુત્ર અમેરીકાથી આવ્યા બાદ અંતિમવિધી કરવામાં આવશે.



પંજાબ ભાજપના નેતા અરૂણજોતસિંઘ સોઢી એ જણાવ્યુ હતુ કે વિજય રૂપાણીનુ મૃત્યુ દેશ માટે નુકશાન છે, તેઓ પંજાબ બીજેપી ના પ્રભારી હતા અમને ગઈ કાલે ગુરૂવારે ખબર પડી ત્યારે અમે શોકમગ્ન થઈ ગયા હતા. ભાજપે મોટા કદના નેતા ગુમાવ્યા છે, પંજાબમાં વિજય રૂપાણી સાથે હું રહેતો હતો તેઓ ખુબ સરળ સ્વભાવના હતા, ઘટનાને પગલે આજે શુક્રવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સવારે અમદાવાદ આવી પહોચ્યા હતા, તેમણે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને પ્લેન અકસ્માતમં બચી ગયેલા યુવાન સાથે પણ મુલાકાત કરી હતી. ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીનગરમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના પત્ની અને પરીવારજનોને મળીને સાંત્વના પાઠવી હતી. પીએમ મોદીને જોઈ અંજલી રૂપાણી ધ્રુસકે ધ્રુસકે રડી પડયા હતા, પીએમ મોદી સાથે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ હતા. રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીની આજે શનિવારે રાજકોટમાં અંતિમવિધી થશે,

શનિવારે રાજકોટની તમામ ખાનગી શાળાઓ બંધ રહેશે. એક દિવસનો બંધ પાડીને પૂર્વ મુખ્યમંત્રી ને શ્રધ્ધાંજલી પાઠવશે, સ્વનિર્ભર શાળા સંચાલકોએ આ નિર્ણય લીધો છે, વડાપ્રધાન મોદીએ સોશીયલ મીડીયા એકસ પર લખ્યુ વિજયભાઈ આપણી વચ્ચે નથી એ વાત મન માનવા તૈયાર નથી, વરસોથી મારે તેમની સાથે નાતો રહ્યો છે, કઈ કેટલાય પડકારજનક સમયમાં અમે ખભેખભા મીલાવીને કામ કર્યુ છે. સરળ અને સાલસ સ્વભાવના વિજયભાઈ ખુબ મહેનતુ હતા તથા પક્ષની વિચારધારા પ્રત્યે પ્રતિબધ્ધ હતા. એક પાયાના કાર્યકર તરીકે જાહેર જીવનમાં કારર્કિદીની શરૂઆત કરી તેઓ સંગઠનમાં વિવિધ જવાબદારીઓ નિભાવતા નિભાવતા ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા. તેઓને સોંપાયેલ દરેક ભુમિકામાં, તે પછી રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશમાં હોય કે રાજયસભાના સાંસદ તરીકેની હોય, પ્રદેશ ભાજપના પ્રમુખની હોય કે પછી રાજય સરકારમાં કેબિનેટ મંત્રી અને મુખ્યમંત્રી તરીકેની હોય , તેઓએ દરેક વખતે એક અનોખો ચીલો ચાતર્યો હતો.

### અમદાવાદ વિમાન દુર્ઘટનામાં એક મોટો ચમત્કાર

# વિમાનનું લોખંડ પણ પીગળી ગયું, પણ ભગવદ ગીતા સુરક્ષિત રહી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં ૧૨ જૂને બપોરે એર ઈન્ડિયાનું વિમાન દુર્ઘટનાનો શિકાર બન્યું હતું. આ દુર્ઘટનામાં રેસ્ક્યુ ઓપરેશન લગભગ સમાપ્ત થઈ ગયું છે. આ દુર્ઘટનામાં ૨૪૧ લોકોના મોત થયા જેમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ સામેલ છે. આ ભીષણ દુર્ઘટનામાં માત્ર એક વ્યક્તિનો જીવ બચ્યો છે. રેસ્ક્યુ ઓપરેશન રમિયાન સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે ધમાકા બાદ આગના ગોળાએ વિમાન અને આસપાસની વસ્તુને કઈ રીતે નુકસાન પહોંચાડ્યું છે. પરંતુ રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન એક ભગવત ગીતા મળી આવી છે. સંભવતઃ કોઈ યાત્રી આ પવિત્ર ગ્રંથને સાથે રાખી અમદાવાદથી લંડનની યાત્રા કરી રહ્યો હશે. જ્યાં બધા સામાન સળગીને રાખ થઈ ગયો છે, ત્યાં ભગવત ગીતા સંપૂર્ણ રીતે સુરક્ષિત અને વાંચવા યોગ્ય અવસ્થામાં હતા. ત્યાં હાજર લોકો તેને ચમત્કારની જેમ જોઈ રહ્યાં છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા એક વીડિયોમાં, એક વ્યક્તિ અકસ્માત સ્થળે કાટમાળમાંથી ગીતાના પાના બતાવતો જોવા મળે છે. વિમાનના ખરાબ રીતે બળી ગયેલા અને ક્ષતિગ્રસ્ત ભાગો વચ્ચે ભગવદ ગીતાની સલામત શોધ માત્ર ચમત્કારિક માનવામાં આવી રહી નથી, પરંતુ તે લોકોની શ્રદ્ધા અને ભક્તિનું પ્રતીક પણ બની ગઈ છે. અકસ્માત સ્થળે હાજર એક વ્યક્તિ ગીતાના પાના બતાવતો આ વીડિયો સોશિયલ મીડિયા પર લોકોની લાગણીઓને સ્પર્શી ગયો છે.

આ વચ્ચે લંડન સ્થિત એક હિંદુ મંદિરમાં લગભગ ૧૦૦ લોકો એકઠા થયા અને મૃતકોની આત્માની શાંતિ તથા પીડિત પરિવારો માટે પ્રાર્થના કરી. યોગવિવેકદાસ સ્વામીએ સભાને સંબોધિત કરતા કહ્યુ કે આ ઘડીમાં પ્રાર્થના સૌથી મોટો સહારો છે. તેમણે કહ્યું કે આ સમય સામૂહિક સંવેદના અને આત્મચિંતનનો છે.

તમને જણાવી દઈએ કે આ દુર્ઘટના તેવા સમયે થઈ જ્યારે અમદાવાદ એરપોર્ટ પરથી એર ઈન્ડિયાના વિમાન ડ્રીમલાઈનરે લંડન માટે ઉડાન ભરી હતી. ઉડાન ભરવાની સાથે વિમાન એરપોર્ટ નજીક મેઘાણીનગર વિસ્તારમાં ક્રેશ થઈ ગયું હતું. આ વિમાનમાં કુલ ૨૪૨ લોકો સવાર હતા, જેમાં માત્ર વિશ્વાસકુમાર નામના વ્યક્તિનો બચાવ થયો છે. તે સીટ નંબર ૧૧છ પર ઈમરજન્સી દ્વારની બાજુમાં બેઠો હતો.

### અમદાવાદમાં જે વિમાન ક્રેશ થયું તેમાં જવાનું હતું લંડન

# ભૂમિ ચૌહાણ એરપોર્ટ ૧૦ મિનિટ મોડા પહોંચતા તેનો જીવ બચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

ભરૂચની રહેવાસી ભૂમિ ચૌહાણ એરપોર્ટ ૧૦ મિનિટ મોડા પહોંચતા તેનો જીવ બચ્યો હતો. વાસ્તવમાં ભૂમિ ચૌહાણને અમદાવાદની લંડન જતી એર ઈન્ડિયાની એ જ ફ્લાઈટમાં જવાનું હતું જે ક્રેશ થઈ હતી. ગુરુવાર, ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ અમદાવાદથી લંડનના ગેટવિક એરપોર્ટ માટે ઉડાન ભરવાની એર ઈન્ડિયાની ફ્લાઈટ **AI-171**, ટેકઓફ કર્યા પછી થોડી મિનિટો પછી ક્રેશ થઈ ગઈ હતી. આ ભયાનક અકસ્માતમાં ૨૪૧ મુસાફરો અને ક્રૂ સભ્યોના મોત થયા હતા, પરંતુ ભૂમિ ચૌહાણનું નસીબ તેને સાથ આપતું હતું. માત્ર ૧૦ મિનિટના વિલંબને કારણે તેણી આ ફ્લાઈટ ચૂકી ગઈ અને આ વિલંબ તેના જીવનનું સૌથી મોટું વરદાન બની ગયું હતું. ભૂમિ ચૌહાણ, જે લંડનમાં રહેતા તેના પતિ પાસે જઈ રહી હતી. ગુરુવારે સવારે સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જવા નીકળી હતી પરંતુ અમદાવાદના ભારે ટ્રાફિકે તેનો રસ્તો રોકી દીધો હતો. તે ચેક-ઈન ગેટ પર માત્ર ૧૦ મિનિટ મોડી પહોંચી હતી જેના કારણે તેને બોર્ડિંગની મંજૂરી આપવામાં આવી ન હતી. ભૂમિએ કહ્યું હતું કે, "મેં ખૂબ પ્રયાસ કર્યો, પરંતુ એરપોર્ટ સ્ટાફે કહ્યું હતું કે વિલંબને કારણે મને ફ્લાઈટમાં બેસવાની મંજૂરી આપવામાં આવશે નહીં. હું થોડી નિરાશ થઈને પાછી ફરી હતી." જ્યારે ભૂમિને આ અકસ્માતના સમાચાર મળ્યા ત્યારે તે ડરી ગઈ હતી. તેણે કહ્યું કે ગણપતિ બાપ્પાએ તેને બચાવી. ભૂમિએ કહ્યું હતું કે, "હું ચેક-ઈન ગેટ પર ૧૦ મિનિટ મોડી પહોંચી, પરંતુ તેમણે મને જવા દીધી નહીં, જેના કારણે મારે પાછા ફરવું પડ્યું. શહેરમાં ટ્રાફિકને કારણે અમને મોડું થયું. જ્યારે મને ખબર પડી કે ફ્લાઈટ ક્રેશ થઈ ગઈ છે, ત્યારે હું સંપૂર્ણપણે ચોંકી ગઈ હતી. હું મારી દેવી માતાનો આભાર માનું છું કે હું બચી ગઈ, પરંતુ આ ઘટના ખૂબ જ ભયાનક છે."મને લાગે છે કે તે ગણપતિ બાપ્પાની કૃપા હતી કે હું તે ફ્લાઈટમાં નહોતી. હું ભગવાનનો આભાર માનું છું."

### કેન્દ્રીય એજન્સીઓની સમયસર ની મદદથી કામગીરી વેગવાન બની

# અમદાવાદ વિમાન દુર્ઘટના: રાજ્ય સરકારે યુદ્ધના ધોરણે બચાવ-રાહત અને સારવાર સુશ્રૂષાની કામગીરીથી ડિઝાસ્ટર મેનેજમેન્ટનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું

અમદાવાદથી લંડન જતાં એર ઈન્ડિયાના વિમાનની સર્જાયેલી ગમખ્વાર દુર્ઘટનામાં રાજ્ય સરકારે બચાવ અને રાહત કામગીરી સાથે ઘાયલોને સારવાર માટે હોસ્પિટલ પહોંચાડવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરી હતી.

**આર્મી, રેપિડ એક્શન ફોર્સ, એન.ડી.આર.એફ.- એસ.ડી.આર.એફ., પોલીસ, ફાયર બ્રિગેડની ટીમો તત્કાલ બચાવ રાહતમાં જોડાઈ: મુખ્યમંત્રીશ્રીના સીધા દિશાદર્શનમાં આરોગ્ય, પોલીસ અને જિલ્લા પ્રશાસન સહિતના વિભાગો ખડે પગે સેવારત**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને આ દુર્ઘટનાની જાણ થતાં જ તેમણે સમગ્ર તંત્રને બચાવ-રાહત કામગીરી માટે જોડાવાની તત્કાલ સૂચનાઓ આપી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે આ દુર્ઘટનાની ગંભીરતા જોતા રાજ્ય સરકારને કેન્દ્રીય એજન્સીઓની મદદ પૂરી પાડી હતી. એટલું જ નહિ, વડાપ્રધાનશ્રી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ દુર્ઘટના સ્થળની તથા ઈજાગ્રસ્તોની મુલાકાત પણ અમદાવાદ આવીને લીધી હતી અને રાજ્ય સરકારને બચાવ-રાહત કામગીરી માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

વિમાન દુર્ઘટનાના સ્થળે આર્મીના ૨૫૦થી વધુ જવાનો, રેપિડ એક્શન ફોર્સની ૧ ટીમ, એન.ડી.આર.એફ.- એસ.ડી.આર.એફ.ની ૩ ટીમે બચાવ-રાહત કામગીરી માટે મોરચો સંભાળ્યો હતો.

માત્ર ૩ મિનિટના રિસ્પોન્સ ટાઈમમાં ફાયર સર્વિસીસની બે ટીમોએ ઘટના સ્થળે પહોંચીને ૩૦થી વધુ વ્યક્તિઓનું રેસ્ક્યૂ કર્યું હતું. ૧૩૯ પ્રકારના વિવિધ ફાયરના સાધનો સાથે ફાયર સર્વિસીસના ૬૧૨ કર્મચારીઓએ વિમાનના કાટમાળમાં

ફસાયેલા મુસાફરોને બહાર કાઢવા તથા આસપાસના વિસ્તારના ઘાયલ થયેલા લોકોને સારવાર માટે પહોંચાડવામાં મદદરૂપ થયા હતા. ઘટના સ્થળે મૃતદેહો અને માનવ અંગોને શોધવા માટે પોલીસતંત્રએ ખાસ ડોગ સ્ક્વોડ પણ કામગીરીમાં જોડ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઈજાગ્રસ્તોને તત્કાલ સારવાર મળી રહે તે માટે હોસ્પિટલ સુધી પહોંચાડવા ગ્રીન કોરિડર ઊભો કરાવ્યો હતો અને ૧૦૦થી વધુ એમ્બ્યુલન્સની સેવાઓ લેવામાં આવી હતી.

ઈજાગ્રસ્તોની સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ડોક્ટરો અને પેરામેડિકલ ટીમ ખડે પગે રહ્યા હતા અને ઈજાગ્રસ્તોની સારવાર સુશ્રૂષા આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના સીધા માર્ગદર્શનમાં શરૂ કરી હતી. રાજ્ય સરકારે આ દુર્ઘટનાને અત્યંત સંવેદનશીલતા અને ગંભીરતા જોતા અસરગ્રસ્તો-ઈજાગ્રસ્તોના સગાં-સંબંધીઓને સિવિલ હોસ્પિટલમાં માર્ગદર્શન માટે ૪ આઈ.એ.એસ. અધિકારીઓને જવાબદારી સોંપી છે. **SEOC** ખાતે ૧૬ નાયબ કલેક્ટરો અને ૧૬ મામલતદાર સહિત મહેસૂલી તંત્રની ટીમ કાર્યરત કરવામાં આવી છે.

આ ઉપરાંત, પ્લેનના મુસાફરોના સગાં-સંબંધીઓને યોગ્ય જાણકારી અને મદદ માટે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર તેમજ સિવિલ હોસ્પિટલ ખાતે રાઉન્ડ ધ ક્લોક ૨૪૭ કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવેલા છે. આ દુર્ઘટનાનો ભોગ બનેલા મુસાફરોના સ્વજનો માટે અમદાવાદમાં રહેઠાણ અને વાહન સુવિધા પણ રાજ્ય સરકારના માર્ગ મકાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. દુર્ઘટના સ્થળની આસપાસના રહેણાંક વિસ્તારના ભોગ બનેલા લોકો પૈકીના આઠ વ્યક્તિઓના મૃતદેહોની ઓળખ થતા તેમના સ્વજનોને સોંપવામાં આવ્યા છે.

વિમાન દુર્ઘટનાનો ભોગ બનેલા વ્યક્તિઓના ૨૧૯ જેટલા સંબંધીઓ ડી.એન.એ. ટેસ્ટીંગ અને બ્લડ સેમ્પલ માટે અત્યાર સુધીમાં આવ્યા છે તેમના સેમ્પલ લેવામાં આવ્યાં છે અને બાકીના તમામ સંબંધિતોના પરિવારજનોનો આ હેતુસર સંપર્ક કરવામાં આવ્યો છે. એફ.એસ.એલ.ની ૧૦ ટીમના ૩૬ જેટલા એક્સપર્ટ્સ આ માટે ૨૪૭ ફરજરત છે.

આ દુર્ઘટના બાદ ૫૦ જેટલા વ્યક્તિઓને ઈજાગ્રસ્ત હાલતમાં સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. આ ઈજાગ્રસ્તોમાંથી ૧૬ને બહારના દર્દી તરીકે તથા ૩૧ને ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર અપાઈ રહી છે. આજે સાંજ સુધીમાં ૧૨ જેટલા ઈજાગ્રસ્તોને રજા આપવામાં આવશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે વિમાનના મુસાફરો જે જિલ્લા-શહેરમાં વસવાટ કરતા હતા ત્યાંના કલેકટરતંત્રને સૂચનાઓ આપીને તેમના સ્નેહીજનોનો સામે ચાલીને સંપર્ક કરીને સાંત્વના આપી હતી અને સંબંધિત સંપર્ક માટે જરૂરી સહયોગ આપ્યો હતો. કોમ્યુનિકેશન પ્લાન અંતર્ગત ખાસ ટીમોની રચના કરીને આ દુર્ઘટનાનો ભોગ બનેલા સ્વજનોનું કાઉન્સેલીંગ કરીને તેમને માર્ગદર્શન અને મનોબળ પૂરું પાડવામાં આવી રહ્યું છે.

રાજ્ય સરકારે દુર્ઘટના સ્થળે નાગરિક ઉડ્ડયનમંત્રાલય સાથેની કામગીરી માટે મ્યુનિસિપલ કોર્પોરેશન તથા માર્ગ-મકાન વિભાગના ૧૫૦ જેટલા કર્મીઓ, ૪૧ ડમ્પર-ટ્રેક્ટર, ૧૬ જેસીબી અને ૩ એક્સકેવેટર સ્ટેન્ડબાય રાખવામાં આવ્યાં છે.

આમ, આરોગ્ય, એફ.એસ.એલ, ફાયર, પોલીસ, જિલ્લા વહીવટીતંત્ર તથા કેન્દ્રીય એજન્સીઓ અને રાજ્ય સરકારના સંબંધિત વિભાગોના ઉચ્ચ સચિવશ્રીઓના સુચારું સંકલનથી થયેલી કામગીરીએ રાજ્યની ડિઝાસ્ટર મેનેજમેન્ટની શ્રેષ્ઠતા પુરવાર કરી છે.


**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ ડિવિઝન**

**અમદાવાદ ડિવિઝન: અમદાવાદ ડિવિઝનના વિવિધ સ્ટેશનો પર સેક્શનિંગમાં સુધારો**

**ઈ - ટેન્ડર - નોટિસ નંબર. Sr.DEE/TR /ADI/10(2025-26) તારીખ 12.06.2025. ટેન્ડર નંબર: TRD-ADI-T-06-2025-26.કામનું નામ:** અમદાવાદ ડિવિઝન: અમદાવાદ ડિવિઝનના વિવિધ સ્ટેશનો પર સેક્શનિંગમાં સુધારો, જેમાં રિમોટ કંટ્રોલ (TPC) દ્વારા મુખ્ય લાઇનથી લૂપ લાઇન અને યાર્ડ લાઇનને અલગ કરવાની સુવિધા છે. **અંદાજિત ખર્ચ:** રૂ. 12,89,61,182.50 **અર્નેસ્ટ મની:** રૂ. 7,94,800/- **સબમિશનની તારીખ અને સમય:** 11.07.2025 ના 15:00 કલાક પછી નહીં. **ખોલવાની તારીખ અને સમય:** 11.07.2025 15.30 કલાકે. **ઓફિસનું સરનામું:** સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (W.R.), ચામુંડા પુલ પાસે; જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ- 382345 **વેબસાઇટ વિગતો:** **www.ireps.gov.in** 073

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ**

**ઈલેક્ટ્રીકલ ડીપાર્ટમેન્ટ, સા.રી.ફ્ર.ડે.કો.લી.**

**જાહેર જનતા જોગ ચેતવણી**

આથી, અમદાવાદ શહેરની જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા રીવરફ્રન્ટની ઇસ્ટ તથા વેસ્ટ બાજુએ મેઇન રોડ ઉપર સ્ટ્રીટલાઇટ પોલ્સ તથા અપર અને લોઅર પ્રોમીનાડ ઉપર ડેકોરેટીવ પોલ્સ દ્વારા લાઇટીંગની સુવિધા પુરી પાડવામાં આવે છે. સદર ઉભા કરવામાં આવતા મેઇન રોડ ઉપરના તમામ સ્ટ્રીટ લાઇટનાં પોલ્સ તથા તમામ ડેકોરેટીવ પોલ્સ અને તેના પાવર ફીડીંગ સેકશન સુરક્ષાનાં તમામ પાસાની ચકાસણી કરી ચાલુ કરવામાં આવે છે. રીવરફ્રન્ટની ઇસ્ટ તથા વેસ્ટ બાજુએ મેઇન રોડ ઉપરના સ્ટ્રીટલાઇટ પોલ્સ ઉપર કેટલીક એજન્સીઓ તાર કે વાયર બાંધીને જાહેરાતના હોર્ડિંગ્સ લગાવતી હોય છે તેમજ પાવર ફીડીંગ સેકશન સાથે ઢોર-ઢાંખર બાંધતા, સ્ટ્રીટલાઇટના પોલ્સ પર તાર કે વાયર બાંધીને કપડાં સુકવતાં જેનાથી તેમાં કરંટ લાગવાની કે જાનહાની થવાની શકયતા રહે છે. કેટલીક જગ્યાએ મેઇન રોડ પરના સ્ટ્રીટલાઇટના પોલ્સ તથા અપર અને લોઅર પ્રોમીનાડ પરના ડેકોરેટીવ પોલ્સ તથા તેના પાવર ફીડીંગ સેકશનમાંથી અન અધિકૃત માણસો દ્વારા બિન અધિકૃત રીતે પાવર લેતાં કેબલ કાપી તથા તેને આનુસાંગિક ઇલેક્ટ્રીકલ પ્રોટેકશન સીસ્ટમ માટે જરૂરી રીલે, ફ્યુઝ, એમ.સી.બી. વિ. જેવી વસ્તુઓની ચોરી કરી વાયરો તેમજ જંકશન બોકસ તેમજ પાવર ફીડીંગ સેકશનને ગંભીર હાલતમાં ખુલ્લા મુકતા હોવાનું માલુમ પડેલ છે. જે ઘણી જ ગંભીર બાબત છે.

**સાબરમતી રીવરફ્રન્ટના મેઇન રોડ પરના સ્ટ્રીટલાઇટના પોલ્સ તથા અપર અને લોઅર પ્રોમીનાડ પરના ડેકોરેટીવ પોલ્સ તથા તેના પાવર ફીડીંગ સેકશનમાં ૨૩૦/૪૪૦ વોલ્ટનો જીવંત પાવર હોય છે જેનાથી તેમાં કરંટ લાગવાની અને જાનહાની થવાની પુરી સંભાવના છે. તેથી જાહેર જનતાને આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને જાહેર ચેતવણી આપવામાં આવે છે કે સાબરમતી રીવરફ્રન્ટના મેઇન રોડ પરના સ્ટ્રીટલાઇટના પોલ્સ તથા અપર અને લોઅર પ્રોમીનાડ પરના ડેકોરેટીવ પોલ્સ તથા પાવર ફીડીંગ સેકશનને ચાલુ કે બંધમાં અડકવુ નહી, તેમાંથી બિન અધિકૃત રીતે પાવર લેવો નહિ, પાવર ફીડીંગ સેકશન સાથે પોતાના પાલતુ ઢોર-ઢાંખર બાંધવા નહીં, સ્ટ્રીટલાઈટના પોલ્સ પર તાર કે વાયર બાંધીને કપડાં સુકવવા નહીં તથા સ્ટ્રીટલાઈટના પોલ્સ તથા તેના પાવર ફીડીંગ સેકશન માંથી કેબલ કાપી તથા તેને આનુસાંગિક ઈલેક્ટ્રીકલ પ્રોટેકશન સીસ્ટમ માટે જરૂરી રીલે, ફ્યુઝ, એમ.સી.બી. વિ. જેવી વસ્તુઓની ચોરી કરવી નહી અને જો કોઈ શખ્સ સ્ટ્રીટલાઈટ પોલ્સ તથા પાવર ફીડીંગ સેકશનમાંથી ચોરી કરશે કે અડકશે કે બિન અધિકૃત રીતે પાવર લેશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તથા સદર પરિસ્થિતિમાં જે કોઇ જાનહાની કે અન્ય કોઇ પણ નુકશાનની તમામ જવાબદારી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશનની રહેશે નહી. તેની વખતો વખત જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.**

"સ્ટ્રીટલાઈટની ફરીયાદ માટે (24 X 7) નીચે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવો. ૧૫૫૩૦૩"

**મેનેજીંગ ડાયરેકટરશ્રી,**
**સા.રી.ફ.ડે.કો.લી**

# ગુજરાતના વિકાસમાં ઓર એક વધારો : અરવલ્લી જિલ્લા પંચાયતનું સિંચાઈ વિભાગ બંધ થવાને આરે ?

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા જયાં થી ગંગાજળ ઓપરેશન અભિયાન હાથ ધરવામાં આવ્યું હતુ તેવા અરવલ્લી જિલ્લા સાથે સરકાર દ્વારા સતત ઓરમાયુ વર્તન દાખવવામાં આવતુ હોવાની ફરીયાદો ઉઠી રહી છે. જિલ્લાની બોદી નેતાગીરીને કારણે જિલ્લાનો વિકાસ થતો નથી તેવુ પ્રજા ઈચ્છી રહી છે.



જિલ્લો જયારથી અસ્તિત્વમાં આવ્યો ત્યાર થી મોટાભાગની કચેરીઓમાં વિભાગના વડાની ખાલી જગ્યાઓ રેગ્યુલર ભરાતી નથી અરવલ્લી જિલ્લો ૨૦૧૫ થી વિભાજન થઈ અલગ જિલ્લો બન્યો ત્યારથી જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા ખાલી હતી ત્યારે વારંવાર અખબારોમાં સમાચારો છપાયા બાદ મોડે મોડે સરકારના બહેરા કાન ખુલી ગયા બાદ સરકાર દ્વારા હમણાં નજીકના દિવસોમાં નિયમિત રેગ્યુલર જિલ્લા વિકાસ અધિકારી ની જગ્યા ભરવામાં આવી છે. તો બીજી તરફ જિલ્લાનુ સિંચાઈ વિભાગ બંધ થવાને આરે હોય તેમ જિલ્લાના ૬ તાલુકા હોવા છતાંય માંડ સમખાવા પુરતી મોડાસા, ભિલોડા અને મેઘરજ નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરીઓ આવેલી છે તેમાંય માત્ર એક મેઘરજ કચેરીમાં નાયબ કાર્યપાલક ઈજનેરની જગ્યા ભરાયેલી છે. નવાઈની વાત તો એ છે કે મહત્વની સિંચાઈ વિભાગના કાર્યપાલન ઈજનેરની ૨૦૧૬ થી જગ્યા ખાલી હોવાને કારણે નીતિ વિષયક નિર્ણયો લેવાતા નથી તેમજ ભ્રષ્ટાચારને પ્રોત્સાહન મળતુ હોવાને કારણે કાર્યપાલક ઈજનેરની જગ્યા વહેલી તકે ભરવામાં આવે તેવી જિલ્લા વાસીઓની માંગ ઉઠવા પામી છે. સરકાર દ્વારા હમણાં થોડા સમય અગાઉ જ સિંચાઈ વિભાગના ૮૪ જેટલા નાયબ કાર્યપાલક ઈજનેરોની અરસ પરસ બદલીઓ કરવામાં આવી હતી અને તેમાંય અરવલ્લી જિલ્લાની નાયબ કાર્યપાલક ઈજનેરોની જગ્યાઓ ભરવાને બદલે અન્ય જિલ્લાઓને બદલીઓમા સ્થાન આપવામાં આવ્યુ હતું.

ભિલોડા નાયબ કાર્યપાલક ઈજનેરની જગ્યા ભરેલી હોવા છતાં જગ્યા ખાલી રાખી ભિલોડા નાયબ કાર્યપાલક ઈજનેરની શામળાજી ખાતે મેશ્વો કચેરી માં બદલી કરી દેવામાં આવતા ભિલોડા નાયબ કાર્યપાલક ઈજનેરની જગ્યા ખાલી પડતા પ્રજાના કામો ખોરંભે ચડયા છે.

# રાજય સરકાર આગામી ૪ માસમાં નવી ૧૨૦૦ એસટી બસો ખરીદશે: ૧૦૦ બસ પ્રિમિયમ

પ્રતિનિધિ,ગાંધીનગર

મુસાફરોની સંખ્યામાં વધારો થતા સુવિધા આપવા સરકારનું આયોજન છે. રાજય સરકાર દ્વારા નવી બસની ખરીદી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચાર મહિનામાં ૧૨૦૦ જેટલી નવી એસટી બસો ખરીદવામાં આવશે. ૧૨૦૦ માં થી ૧૦૦ બસ પ્રિમિયમ કક્ષાની હશે આ માટે રાજય સરકાર દ્વારા ૪૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.




ઉનાળુ વેકેશન દરમિયાન એસટી નિગમ દ્વારા મુસાફરોની સુવિધા માટે રાજયના જુદા જુદા અને મોટા શહેરોને જોડતી દૈનિક ૧૪૦૦ થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવવાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં સુરતથી સૌરાષ્ટ્ર તરફ અંદાજે ૫૦૦ ટ્રીપ, સૌરાષ્ટ્ર થી ઉત્તર ગુજરાત તરફ અંદાજે ૨૧૦, દક્ષિણ ગુજરાતથી ઉત્તર ગુજરાત તરફ અંદાજીત ૩૦૦ અને સૌરાષ્ટ્ર તરફ ૩૦૦ ટ્રીપ ના આયોજનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વેકેશનના સમયગાળામાં મુસાફરોને ગુજરાતમાંથી પડોશી રાજય મહારાષ્ટ્ર થતા રાજસ્થાનમાં પણ આંતરરાજય સેવાઓનો લાભ લીધો હતો. જેમાં ગઈ તા. ૧ મે થી ૩૧ મે ૨૦૨૫ દરમિયા ૨૭૮૦ એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી હતી. આ બસોએ કુલ ૧૬૪૩૮ એક્સ્ટ્રા ટ્રીપ કરી હતી જેનો લાભ ૮.૨૨ લાખ મુસાફરોએ લીધો હતો. વર્ષ ૨૦૨૪ માં આ જ સમયગાળામાં ૧૯૮૮ એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી હતી. આ બસોએ કુલ ૧૧૬૭૪ એક્સ્ટ્રા ટ્રીપ કરી હતી જે દરમિયાન ૫.૮૪ લાખ મુસાફરોએ મુસાફરી કરી હતી.

ઉનાળુ વેકેશનમાં એસટી નિગમ દ્વારા કાર્યરત એક્સ્ટ્રા બસોમાં મુસાફરી કરનારા લોકોની સંખ્યામાં વાર્ષિક ૨.૩૮ લાખનો વધારો થયો છે. ઉલ્લેખનીય છે કે એસટી વિભાગ દ્વારા હોળી-ધુળેટી, દિવાળી સહિત વેકેશનમાં મુસાફરોને સુવિધા મળે અને બસોમાં ઘસારો ન થાય તે માટે ખાસ બસો દોડાવવામાં આવતી હોય છે જેને પગલે એસટી વિભાગને વિશેષ આવક થાય છે.

# મંત્રી ભીખુસિંહ પરમારના મતવિસ્તાર મોડાસાની કચેરીઓ બંધ થવાને આરે?

### સમરસ પંચાયતો બનાવવા દોડતા ધારાસભ્યો જિલ્લાની મહત્વની ખાલી જગ્યાઓ ભરવામાં રસ દાખવે તેવી જિલ્લાની માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લામાંથી વિભાજન કરી અરવલ્લી જિલ્લો વર્ષ ૨૦૧૫ માં અસ્તિત્વમાં આવ્યો છે. પરંતુ જિલ્લાની મોટાભાગની કચેરીઓ ચાર્જ થી ચાલતી હોવાને કારણે ભ્રષ્ટાચારને પ્રોત્સાહન મળી રહ્યુ છે. જિલ્લાના મુખ્યમથક મોડાસાના ધારાસભ્ય ભીખુસિંહ પરમાર હાલમાં મંત્રી મંડળમાં સ્થાન પામેલ હોવા છતાં શોભના ગાંઠીયા સમાન બન્યા હોય તેવુ જિલ્લાની પ્રજા અનુભવી રહી છે. તો બીજી તરફ જેની રજુઆત સરકાર સાંભળે છે તેવા બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા પણ સમરસ પંચાયતો બનાવવા ફંડમાંથી રકમ આપી પંચાયતો સમરસ બનાવવા દોડધામ કરી રહ્યા છે. પરંતુ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાને પણ જિલ્લાના વિકાસમાં રસ ન હોય તેમ હોતી હૈ ચલતી હૈ જેવી નીતિ અખત્યાર કરતા હોવાની ફરીયાદો ઉઠી રહી છે ત્યારે ધારાસભ્ય ધવલસિંહ ઝાલા જિલ્લાના વિકાસમાં સહભાગી થાય તેવી જિલ્લા વાસીઓની માંગ ઉઠવા પામી છે.



# વિજય રૂપાણી ૩ કરોડથી વધુની સંપત્તિ પરીવારજનો માટે છોડી ગયાઃ રૂપાણીનો બિઝનેશ સ્ટોપ બ્રોકર તરીકેનો હતો

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદથી લંડન જઈ રહેલા એર ઈન્ડીયાના બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર વિમાન (ફલાઈટ નં. એઆઈ ૧૭૧) ને અકસ્માત નડયો હતો જેમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ મુસાફરી કરી રહ્યા હતા. વિમાનમાં ક્રુ મેમ્બર સહિત ૨૪૨ લોકો સવાર હતા, ભાજપના નેતા સંબિત પાતરાએ કહ્યુ હતુ કે આ અકસ્માતમાં વિજય રૂપાણીનુ મોત થયુ હતું લોકો ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને ચઢવા બદલ સોશીયલ મીડીયા પર યાદ કરી રહ્યા છે. વિજય રૂપાણી હાલમાં પંજાબ, ચંદીગઢ ભારતીય જનતા પાર્ટીના પ્રભારી હતા. વિજય રૂપાણી છેલ્લા ૩ વર્ષથી પંજાબ અને ચંદીગઢ ભાજપના પ્રભારી હતા, વિજય રૂપાણી તાજેતરમાં પશ્ચિમ



મતવિસ્તારની પેટા ચુંટણીમાં પાર્ટીના ઉમેદવાર જીવન ગુપ્તાના પ્રચાર માટે લુધીયાણા ગયા હતા આવી સ્થિતિમાં વિજય રૂપાણી કેટલી મિલ્કત ધરાવે છે તેની ઉપર નજર કરીએ તો વિજય રૂપાણીએ ૨૦૧૭ ના ચુંટણી સોગંદનામામા તેમની કુલ સંપત્તિ ૩.૪ કરોડ રૂપીયા જાહેર કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે તેમણે વર્ષ ૨૦૧૬-૧૭ માં ૧૮ લાખ રૂપીયાનુ આવકવેરા રીટર્ન ફાઈલ કર્યુ હતુ. જયારે તેમના પત્ની અંજલી રૂપાણીએ ૩.૩૭ લાખ રૂપીયાનુ આવક વેરા રીટર્ન ફાઈલ કર્યુ હતું. વિજય રૂપાણીની જંગમ સંપત્તિની વાત કરીએ તો તેમની પાસે ૨,૧૦,૨૩૩ લાખ રૂપીયા રોકડા અને ૭૪,૯૩, ૧૫૮ રૂપીયા બેંક ડીપોઝીટ હતી, વિજય રૂપાણીએ શેર અને મચ્યુઅલ ફંડમાં ૩,૦૦,૯૬,૪૧૨ કરોડ રૂપીયાનુ રોકાણ કર્યુ હતું. તે સામે વિજય રૂપાણી પર આશરે ૮૨ લાખ રૂપીયાનુ દેવુ હતુ તેમની સામે કોઈ ફોજદારી કેસ નોંધાયેલો ન હતો. વિજય રૂપાણી પાસે ૧૭,૯૪,૬૭૨ લાખ રૂપીયાનુ સોનુ અને ચાંદીના દાગીના હતા, તેમની પાસે ૧૬,૫૬,૧૨૨ લાખ રૂપીયાની વિમા પોલીસી છે, તેમની કુલ જંગમ સંપત્તિ રૂપીયા ૫,૪૩,૦૮,૦૪૫ હોવાનો અંદાજ છે. વિજય રૂપાણીની સ્થાવર મિલ્કતોમાં રાજકોટમાં ૧,૪૧,૭૬,૦૦૦ લાખ રૂપીયાની બિન ખેતી જમીનનો સમાવેશ થાય છે. તેમની ઘરની કિંમત રૂપીયા ૨,૦૩,૩૧,૦૦૦ છે. તેમની બધી જ સ્થાવર મિલ્કતોની કિંમત લગભગ ૩ કરોડ રૂપીયા થવા જાય છે. વિજય રૂપાણી પણ બિઝનેશમેન છે, વિજય રૂપાણી રસીકલાલ એન્ડ સન્સ માં ભાગીદાર છે જે તેમના પિતા દ્વારા સ્થાપિત ટ્રેડીંગ ફર્મ છે તે સ્ટોપ બ્રોકર તરીકે કામ કરતા હતા.

# એર ઈન્ડીયા મને ૧ કરોડ રૂપીયા આપતી હોય તો હું એર ઈન્ડીયાને ૨ કરોડ રૂપીયા આપીશ મારા પિતાને પાછા લાવી દો, અકસ્માતમાં જીવ ગુમાવનાર મુસાફરની પુત્રીએ પોતાનુ દુઃખ વ્યકત કર્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદમાં પ્લેન ક્રેશ થતા ૨૪૦ થી વધુ લોકોના મોત થયા છે, જો કે આ ઘટના બાદ એર ઈન્ડીયાએ મૃતકોના પરીવારને ૧-૧ કરોડ રૂપીયા આપવાની જાહેરાત કરી છે, જે બાદ આજે એક મૃતકની દિકરીને આ ઘટનામાં તેના પિતા ગુમાવ્ય છે, આ દિકરીએ એર ને કહ્યુ તમે મને ૧ કરોડ રૂપીયા આપવા માંગો છો હું તમને ૨ કરોડ આપીશ, બસ મને મારા પિતા પાછા આપો, આ શબ્દો છે ફાલ્ગુનીના જે દિકરીએ અમદાવાદ વિમાન દુર્ઘટનામાં પોતાના પિતા ગુમાવ્યા છે.



જયારે ફાલ્ગુનીએ આજ તક સાથે પોતાન વાર્તા શેર કરી, ત્યારે ત્યાં હાજર દરેકની આંખો ભીની થઈ ગઈ, તેના અવાજમાં ગુસ્સો અને લાચારી હતી, પરંતુ સૌથી વધુ એક દિકરીનો પ્રેમ હતો, ફાલ્ગુની પુછે છે, મને કોઈ કહો કે મારા પિતાની શુ ભુલ હતી કે તેઓ આ ફલાઈટમાં ચઢયા, હું એક દિકરી છુ, કૃપા કરીને મારા પિતાને મારી પાસે પાછા બોલાવો, એર ઈન્ડીયા કેવી મજાક છે, કોઈ જવાબ નથી, કોઈ સહાનુભુતિ નથી, રડતા રડતા ફાલ્ગુનીએ કહ્યુ કે તેઓ ૧ કરોડ રૂપીયાની વાત કરી રહ્યા છે, હું ૨ કરોડ આપીશ, પણ બદલામાં મારા પિતાને પાછા લાવી દો, શુ લોકોને પૈસાથી ખરીદી શકાય ? ફાલ્ગુની આગળ કહે છે આપણે તે પૈસાથી બેડ ખરીદીશુ, પણ આપણે તેના પર કેવી રીતે સુઈ જઈશુ, મારા પિતા મને જે સાચો પ્રેમ આપતા હતા તે કયાંથી મળશે, ફાલ્ગુની કહે છે કે મારા પિતા દેશભકત હતા, તેઓ પોતાને એર ઈન્ડીયાના ગૌરવશાળી મુસાફર માનતા હતા, તેઓ ઘણી વાર કહેતા હતા , એર ઈન્ડીયા આપણુ ગૌરવ છે, તે દેશનુ ગૌરવ છે, ફાલ્ગુનીએ પુછયુ શું મારા પિતાને દેશભકિતનો કોઈ પુરસ્કાર મળ્યો ? શું આ રીતે દેશનુ નામ ચલાવવુ પડે છે ? ફાલ્ગુની કહે છે કે જો તમે સુરક્ષિત રીતે ઉડાન ભરી શકતા નથી તો એર ઈન્ડીયા બંધ કરો, આ મજાક નથી, કોઈના જીવન કરતા વધુ મહત્વનુ કંઈ નથી,

તો બીજી બાજુ ભુમી નામની એક મહિલા છે જે આ ફલાઈટ ચુકી ગઈ જેના કારણે તેનો જીવ બચી ગયો, ભુમીએ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં કહ્યુ મારી ફલાઈટનો સમય બપોરે ૧:૧૦ વાગ્યાનો હતો અને મારે ૧૨:૧૦ વાગ્યા પહેલા એરપોર્ટ પહોચવાનુ હતુ રસ્તામાં ઘણો ટ્રાફીક હતો તેથી હું એરપોર્ટ પહોચી ત્યારે ૧૨:૨૦ વાગ્યા હતા, હુ ચેક- ઈન કરી શકી નહી અને સુરક્ષા કર્મચારીઓએ મને પાછા જવાનુ કહ્યુ, તેથી હું મારી ફલાઈટ ચુકી ગઈ, શરૂઆતમાં હું વિચારી રહી હતી કે જો હુ થોડી વહેલી આવી હોત તો કોઈ નુકશાન ન થયુ હોત, હું ફલાઈટ પકડી શકી હોત, પરંતુ હવે મને લાગે છે કે જે કઈ થયુ તે મારા માટે સારૂ હતું.

# વિજય રૂપાણીના નિધન થી ગુજરાતભરમાં શોકઃ આજે રાજકોટ ની તમામ શાળાઓ બંધ રહેશે

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદમાં ગઈ કાલે ૧૨ જુને એક દુર્ઘટના બની અને આખો દેશ હચમચી ઉઠયો, એર ઈન્ડીયાનુ ૨૪૨ લોકોને સાથે લઈ જઈને લંડન જઈ રહેલુ વિમાન ઉડાન ભર્યાના ૫૦ સેકન્ડમાં જ ક્રેશ થઈ ગયુ હતું.

આ ઘટનામાં વિજય રૂપાણીનુ નિધન થયુ છે જેના કારણે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિધનથી સ્વનિર્ભર શાળા સંચાલકો દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિધનથી ગુજરાતભરમાં શોક માહોલ બન્યો છે આજે રાજકોટની તમામ શાળાઓ બંધ રહેશે. રાજકોટની ૬૦૦ થી વધુ શાળાઓ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એક દિવસ રજા જાહેર કરી વિજય રૂપાણીને શ્રધ્ધાંજલી પાઠવાશે.



વિજય રૂપાણીના નિધનથી રાજકોટના લોકો સ્તબ્ધ છે. ઉલ્લેખનીય છે કે ૧૨ જુને અમદાવાદમાં એક દુર્ઘટના બની હતી જેમાં આખો દેશ હચમચી ઉઠયો છે. એર ઈન્ડીયાનુ ૨૪૨ મુસાફરોને સાથે લઈને લંડન જઈ રહેલુ વિમાન ઉડાનભર્યાના ૫૦ સેકન્ડમાં જ ક્રેશ થઈ ગયુ હતું અને સાથે ભસ્મ થઈ ગયા હજારો સપના, કોઈ પોતાની પુત્રીને મળવા જતુ હતુ તો કોઈ માતા પિતાને, કોઈ અભ્યાસ માટે જતુ હતુ તો કોઈ નવુ જીવન શરૂ કરવા, વિમાને ઉડાન ભરી તે પહેલા સૌના સપના આસમાને આંબવાના હતા પરંતુ વિમાન તુટી જતા જ આ સપનાઓ રાખમાં મળી ગયા ન માત્ર વિમાનમાં સવાર યાત્રીકો, પરંતુ બીજે મેડીકલ કોલેજની મેસ માં ભોજન કરી રહેલા તબીબો માટે ગુરૂવાર કાળમુખો પુરવાર થયો, તબીબો જમવા બેઠા હતા તેમની થાળીમાં ભોજન રહી ગયુ અને તેઓ હતા ન હતા થઈ ગયા, દુર્ઘટના બાદ ચારેય તરફ તબાહીના જે દ્રશ્યો જોવા મળ્યા તે કઠણ કાળજાના માનવીને પણ કંપાવી દે તેવા હતા, વિમાનમાં સવાર લોકોની સાથે જયાં વિમાન તુટયુ તે ઈમારત, આસપાસમાં રહેલ વૃક્ષો, પશુઓ અને પક્ષીઓ બધુ જ બળીને ખાખ થયુ, મૃતદેહના બદલે માત્ર કોલસો થઈ ગયેલા અવશેષો મળ્યા, પરીવારો તુટયા, સપના તુટયા અને સાથે ઉજજવળ ભવિષ્યની આશાઓ પણ તુટી ગઈ, હૈયુ કંપાવી દે એવી આ ઘટનાથી સૌ કોઈ હચમચી ગયુ છે અને મૃતકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી રહ્યા છે.

# અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના સ્થળે ૮૦ થી ૯૦ તોલા સોનાના દાગીના અને રોકડ રકમ મળી આવી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદમાં સર્જાયેલી પ્લેન ક્રેશ ની દુર્ઘટનાથી આખો દેશ હચમચી ઉઠયો છે. તેના ઘણા વિડીયો અને ઘણી તસ્વીરો બહાર આવી રહી છે. દુર્ઘટના ગ્રસ્ત બનેલુ પ્લેન બીજે મેડીકલ કોલેજની હોસ્ટેલમાં અથડાયુ. જેમાં પ્લેનમાં સવાર ૨૪૧ મુસાફરોના મોત ની પુષ્ટી થઈ છે. ત્યારે આ મુસાફરો પોતાની સાથે લઈ જઈ રહેલ સામાન એકઠો કરવામાં આવ્યો હતો, જેમાં રોકડ રકમ, સોના ચાંદીના દાગીના સહિત પાસપોર્ટ પણ મળી આવ્યા છે. ઘટનાસ્થળ પર ગઈ



કાલ થી રેસ્કયુ ટીમ સતત કામે લાગી છે, અહીં મોટા ભાગના મુસાફરોની લાશો ખસેડી દેવામાં આવી છે. ત્યારબાદ રેસ્કયુ ટીમને એક મુસાફરનો મોબાઈલ ફોન પણ મળી આવ્યો હતો જેની સ્ક્રીન તુટી ગઈ હતી તેમ છતાં ફોનની રીંગ વાગતી હતી, તો કેટલીક જવેલરી તેમજ રોકડ રકમ તથા અગત્યના ડોકયુમેન્ટ પણ મળી આવ્યા હતા. રેસ્કયુ ટીમના એક મેમ્બર દ્વારા જણાવેલી માહિતી મુજબ આ કાટમાળમાંથી બ્રિટીશ પાસપોર્ટની સાથે બીજા ૮ થી ૧૦ જેટલા અલગ અલગ મુસાફરોના પાસપોર્ટ મળી આવ્યા છે. તે સાથે ૮૦ થી ૯૦ તોલાની જવેલરી (સોનુ) મળી આવ્યુ છે તેમજ ઘટનાસ્થળેથી ૮૦ હજાર થી ૯૦ હજાર રોકડ રકમ પણ મળી આવી છે. તે તમામે તમામ વસ્તુઓ સરકારી દફતરમાં જમા કરવામાં આવી છે. અમદાવાદની આ પ્લેન ક્રેશ ની ઘટનાથી મોટા ભાગના મુસાફરોના મૃતદેહ બળી ગયા હતા જેથી પરીવારજનો માટે તેમના સ્વજનો ઓળખવા પણ મુશ્કેલીરૂપ બની જવા પામ્યા હતા. ઘટનાસ્થળે ફરજ બજાવી રહેલા લોકોનુ પણ કહેવુ છે કે તેમણે આવા ભયાનક દ્રશ્યો કયારેય નથી જોયા.

# અમદાવાદ પ્લેન ક્રેશ ઘટનામાં ઘોડા કેમ્પ પાસે ચા ની કીટલી ચલાવતી મહિલાના ૧૪ વર્ષીય દિકરાનુ મોતઃ મોટાભાઈએ રડતા રડતા કહ્યું મારા ભાઈને એકવાર જોવા દો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

મોત કયાંથી કેવી રીતે આવે તેનુ કંઈ ન કહેવાય, અમદાવાદ પ્લેન ક્રેશની ઘટના કેટલાય એવા લોકોના જીવ ભરખી ગઈ જેનો આ ઘટના સાથે કોઈ સંબંધ ન હતો. એ રેસીડેન્ટ ડોકટર્સ જે મેસ માં જમી રહ્યા હતા એ રહીશો, જેમના ઘરની ઉપર પ્લેન આવીને તુટયુ, તો કેટલાક એવા લોકો જે ગ્રાઉન્ડ પર હતા, પરંતુ આ ઘટનામાં એક કિશોરને ખાટલામાં સુતા સુતા જ મોત આવ્યુ. આકાશ પટણી નામનો ૧૪ વર્ષીય કિશોર મેઘાણીનગર વિસ્તારમાં આવેલ ઘોડા કેમ્પ દરવાજાની બહાર ખાટલામાં સુતો હતો વિમાન ક્રેશ થયા બાદ લાગેલી આગમાં તે ઉંઘમાં જ આગમાં લપેટાયો હતો તેની માતાએ તેને બચાવવાનો પ્રયાસ કર્યો પરંતુ તે ન બચી શકયો, પરંતુ તેની માતા પણ આગના



કારણે ગંભીર રીતે દાઝયા છે અને હાલ સીવીલમાં સારવાર હેઠળ છે. આ વિસ્તારમાં ચા ની લારી ચલાવતા પટણી પરીવારનો ૧૪ વર્ષનો દિકરો પણ આ ગોઝારા અકસ્માતમાં મૃત્યુ પામ્યો છે. આ સાંભળતાની સાથે જ પરીવાર પર જાણે દુઃખનો પહાડ તુટી પડયો છે. બહેનોના આંસુ બંધ જ નથી થઈ રહ્યા, સુતો ને સુતો રહી ગયો, ઘોડા કેમ્પમાં રહેતા અને ચા ની લારી ચલાવતા પટણી પરીવારનો ૧૪ વર્ષનો દિકરો આકાશ પટણીનુ મૃત્યુ થયુ છે. આકાશ પટણી ઘરમાં સુતો હતો ત્યારે જ આ પ્લેન ક્રેશ થયુ અને આ વ્હાલસોયો દિકરો ફરી કયારેય ઉઠી ન શકયો, આ ધ્રુજાવનારી ઘટના વર્ણવતા આકાશના મોટા બહેન ધ્રુસકે ધ્રુસકે રડી રહ્યા હતા તેમણે આ ગોઝારી ઘટના અંગે જણાવ્યુ હતુ કે મારો ૧૪ વર્ષનો નાનો ભાઈ જતો રહ્યો છે, ઘોડા કેમ્પની બાજુમાં અમારી ચા ની લારી હતી, મારો ભાઈ ત્યાં સુતેલો હતો અને ત્યાં જ સુતો ને સુતો રહી ગયો, મારી મમ્મીએ બહુ બુમો પાડી પણ એ ન બચી શકયો, મારી મમ્મી બચાવવા ગઈ પણ એ પણ દાઝી ગઈ, પણ તેને બચાવી ન શકી, મારી મમ્મી પડી ગઈ અને મારો ભાઈ ભડથુ થઈને પડયો હતો. અમારો બહુ લાડકો હતો. આખી રાત પરીવાર સીવીલ હોસ્પીટલની બહાર જ બેસી રહ્યો હતો. આકાશ ના અન્ય બહેને ભારે હૃદયે જણાવ્યુ હતુ કે અમે ૩ બહેનો અને ૨ ભાઈ છે, જેમાં આ સૌથી નાનો હતો. અમારો બહુ લાડકો હતો, અમારી મા નો સહારો હતો. આ કરૂણ ઘટના અંગે મૃતકના મોટા ભાઈ આકાશ નામના યુવકે રડતા રડતા જણાવ્યુ કે મારી લારી એસઆરપી કેમ્પ ની બાજુમાં લારી હતી , મારા મોટા ભાઈનો ફોન આવ્યો ત્યારે મને ખબર પડી મારી મમ્મી હોસ્પીટલમાં હતી, મારો ભાઈને સીધા જ અંદર લઈ ગયા અમને જોવા પણ ન દીધો, મારી મમ્મી બચાવવા ગઈ અને મારી મમ્મી પણ આગની ઝપેટમાં આવતા દુર જતી રહી અને મારો ભાઈ અંદર જતો રહ્યો, મારા ભાઈ સાથે મળવા દેતા નથી, મારા ભાઈને મળવુ છે, મમ્મી ને સારૂ છે મારા ભાઈને એકવાર જોવા દો.

# ભાજપના નેતાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ અને નાયડુ ના માગ્યા રાજીનામા કહ્યું સ્વતંત્ર તપાસ ત્યારે જ થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુરૂવારે અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં એર ઈન્ડીયાનુ વિમાન ક્રેશ થયુ હતું આ વિમાન અમદાવાદથી લંડન જઈ રહ્યુ હતું. હાલમાં બચાવ કામગીરી ચાલી રહી છે, આ અકસ્માત અંગે ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને નાગરીક ઉડ્ડયન મંત્રી નાયડુ પાસેથી રાજીનામાની માંગ કરી છે. આ દરમિયાન તેમણે ૧૯૫૦ ના દાયકામાં રેલ્વે અકસ્માત બાદ લાલ બહાદુરશાસ્ત્રીએ રાજીનામુ આપ્યુ હતુ તેનુ ઉદાહરણ પણ આપ્યુ, તેમણે એકસ પર એક પોસ્ટમાં લખ્યુ છે ૧૯૫૦ ના દાયકામાં જયારે એક ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ, ત્યારે લાલ બહાદુર શાસ્ત્રીએ રાજીનામુ આપ્યુ હતું, એ જ નૈતિકતા પર હું પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને નાગરીક ઉડ્ડયન મંત્રી નાયડુ ને રાજીનામુ આપવાની માંગ કરૂ છુ, જેથી સ્વતંત્ર અને ન્યાયી તપાસ થાય, મોદી અને તેમના સહયોગીઓ અત્યાર સુધી જે કંઈ કરી રહ્યા છે તે માત્ર દેખાડો છે, જે બંધ થવો જોઈએ.

